Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

શાંતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૪ • તા. ૧૨ જુન ૨૦૧૭ થી ૧૮ જુન ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## પરબ આયોજીત ''મુઠ્ઠી ઉંચેરા'' ગુણ ગૌરવ કાર્યક્રમની તસ્વીરી ઝલક




મુઠ્ઠી ઊંચેરા તરીકે સન્માનિત મહાનુભાવો સાથે 'પરબ'ની બહેનો




મુખ્ય અતિથી
શ્રી કમલેશ વિકમશીનું સન્માન



'વિદ્યાવિભાકર' તરીકે
માનનીય શ્રી શિવજીભાઈ વિકમશીનું સન્માન




''હમ સાથ સાથ હૈ'' - પરબના સ્થાપક સભ્યો સાથે નવી ટીમ

# પરબ આયોજીત ''મુઠ્ઠી ઉંચેરા'' ગુણ ગૌરવ કાર્યક્રમની તસ્વીરી ઝલક




શ્રી આઈ.જી. શાહ




શ્રી વીરચંદ ધરમશી




શ્રી મહેન્દ્ર લાલકા



શ્રી કુલીનભાઈ લુઠીયા




શ્રી પ્રેમચંદ મોતા



શ્રી તિલકચંદ લોડાયા




શ્રી હિરાચંદ દંડ



શ્રી જયંત લાપસીયા




શ્રી જયંતી ગોસર




શ્રી કમલેશ મોતા




શ્રી નિશિથ દંડ



શ્રી મુકેશ મૈશેરી



સ્વાગત સંબોધન
જયશ્રી દંડ



પરબ પરિચય
પારૂલ મોતા



સુત્ર સંચાલન
શિલ્પા અજાણી



નવી ટીમનો પરિચય
મીના શાહ



આભાર દર્શન
હર્ષા ધરમશી

# પરબ આયોજીત ''મુઠ્ઠી ઊંચેરા'' ગુણ ગૌરવ કાર્યક્રમની તસ્વીરી ઝલક



જસ્મિનિ શાહનું સન્માન કરતા સાસુ
દમયંતિબેન શાહ અને જયશ્રીબેન દંડ



વીરાજ ધુલ્લાને વધાવતા
કાશ્મિરાબેન લુઠીયા



શિલ્પા અજાણીને પીન પહેરાવતા
ચંદનબેન મોમાયા



રિતિકા લાપસિયાને પિન પહેરાવતા
દત્તાબેન ખીમજી



હર્ષા ધરમશીને આવકારતા
પારુલબેન મોતા



બીનાયફર વિકમશીને આવકારતા
પુષ્પાબેન ખોના



દીકરી વૈશાલી શાહને પરબમાં
શામેલ કરતા લીનાબેન કાયાણી



દીપ્તી લોડાયાને પીન પહેરાવતા
મીરાબેન મોમાયા



પુત્રવધુ ડૉ. અમી શાહને પીન પહેરાવતા
મીનાબેન શાહ



કાર્યક્રમમાં ઉપસ્થિત માન્યવરો અને જ્ઞાતિજનો

# ''મુઠ્ઠી ઊંચેરા'' પરબ દ્વારા Father's Day ની અનોખી ઉજવણી

આપણી નખશીખ વ્યાપારી કોમમાં જન્મ પામવા છતાં, અનેક અવનવા ક્ષેત્રોમાં ખેડાણ કરી, આપણા કેટલાક જ્ઞાતિજનોએ આજે પોતપોતાના ક્ષેત્રમાં નવા સીમા ચિન્હો કાયમ કર્યા છે. પોતાના સત્કાર્યો, સિધ્ધિઓ અને સદ્‌ગુણો વડે સમાજમાં પિતૃતુલ્ય સ્થાન મેળવી, પેઢીઓ સુધી પ્રેરણાનું સીંચન કરતા રહે તેવા બાર વ્યક્તિ વિશેષોનું પરબ શક્તિ સંજીવની સોસાયટીએ 'મુઠ્ઠી ઊંચેરા' તરીકે ગુણ ગૌરવ કરી "Father's Day'ની એક અદ્‌ભૂત ઉજવણી કરી. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત એવા વ્યક્તિઓનું સન્માન, સમાજના સુપ્રસિધ્ધ મહાનુભવોના હાથે, ૩જી જુન ૨૦૧૭ના દાદર સ્થિત યોગી સભાગૃહ મધ્યે કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્જવલન બાદ શ્રીમતી જયશ્રીબેન દંડના સુંદર આવકાર સાથે થઈ. ત્યારબાદ શ્રીમતી પારૂલબેન મોતાએ શ્રીમતી તરલાબેન ધુલ્લાને સ્મરણાંજલિ અર્પણ કરી પરબ સંસ્થાનો પરિચય આપ્યો.


'મોહનનો મસાલો' નાટકનું દૃશ્ય

બાર રત્નોમાં કાયદા અને ન્યાય ક્ષેત્રે નિવૃત્ત જસ્ટિસ શ્રી આઈ. જી. શાહ, Archecology ક્ષેત્રે શ્રી વિરચંદ ધરમશી, પોલીસ સેવા ક્ષેત્રે રાષ્ટ્રનું સર્વોચ્ચ President's Police Medal પ્રાપ્ત કરનાર Retired D.G.P., UP હાલ લખનઉ શ્રી મહેન્દ્ર લાલકા, સમાજ સેવા માટે શ્રી કુલિન લુઠીયા, કોલકત્તા સ્થિત આશુ કવિ અને Jingle King શ્રી પ્રેમચંદ મોતા, Public Revenue Serviceના Retired Chief Commissioner of Income Tax, ચેન્નાઈથી પધારેલા શ્રી તિલકચંદ લોડાયા, ફિલ્મ વિતરણ માટે શ્રી હિરાચંદ દંડ, વ્યાપાર ક્ષેત્રે શ્રી જયંત લાપસીયા, સંગીતજ્ઞ તરીકે શ્રી જયંતિ ગોશર, નાટ્ય કળા ક્ષેત્રે શ્રી કમલેશ મોતા, Aerospace Safety ક્ષેત્રે બરોડા સ્થિત શ્રી નિશિથ દંડ અને પર્વતારોહણ ક્ષેત્રે શ્રી મુકેશ મૈશેરીને 'મુઠ્ઠી ઊંચેરા'નું બિરુદ આપવામાં આપ્યું. છેવટે, 'વિદ્યાવિભાકર' તરીકે શ્રી શિવજી કુંવરજી વિકમશીનું બહુમાન કરવામાં આવ્યું. સમસ્ત શ્રોતાજનોએ Standing Ovation આપ્યું.

સમારંભના મુખ્ય અતિથિ, International Monetary Fund ની External Audit Committee ના ત્રણ સભ્યોમાંના એક એવા વિશ્વવિખ્યાત C.A. શ્રી કમલેશભાઈ વિકમશી હતા. તેમણે મહિલા શક્તિ માટે અત્યંત પ્રેરક પ્રવચન કર્યું. પોતાના સુંદર અને સશક્ત વક્તૃત્વ વડે સૂત્ર સંચાલન કરતા શ્રીમતી શિલ્પા અજાણીએ કાર્યક્રમને એક આગવો ઓપ આપ્યો.

પુરસ્કારો એનાયત થયા બાદ 'પરબ'ની નવી ટીમનો પરિચય શ્રીમતી મીના શાહે નવા જ અંદાજમાં આપ્યો. સર્વ પ્રથમ 'પરબ'ના ઓડિટર તરીકે ટી. એમ. ગોશર એન્ડ કાં. વતી શ્રીમતી જસ્મિનિ શાહ (પુત્રવધુ – શ્રીમતી દમયંતિ શાહ)નું સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ 'પરબ'ના સદ્‌ગત અને વર્તમાન સભ્યોની પુત્રવધુઓ અને સુપુત્રીઓને ટીમમાં સામેલ કરવામાં આવ્યા. આમાં વિરાજ ધુલ્લા, શિલ્પા અજાણી, રિતિકા લાપસિયા, હર્ષા ધરમશી, બીનાયફર વિકમશી, વૈશાલી શાહ, દિપ્તી લોડાયા, અને ડૉ. અમી શાહ હતા. આભાર વિધિ હર્ષા ધરમશીએ સંપન્ન કરી.

અલ્પાહાર બાદ કાર્યક્રમના બીજા ભાગમાં મંથન પ્રેરક મનોરંજન સ્વરૂપે, શ્રી મનોજ શાહ દિગ્દર્શિત, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન ઉપર આધારિત એકાંકી નાટક 'મોહનનો મસાલો' રજુ કરવામાં આવ્યું. આ ડ્રામાને એક જ દિવસમાં ત્રણ અલગ ભાષાઓમાં એક જ થિયેટરમાં ભજવવાનો વિશ્વવિક્રમ છે.

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 24/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/O. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# સમસ્ત લીડરશીપ સમીટ ૨૦૧૭

## લીડરશીપ સમીટમાં ખરેખર શું થવાનું છે?

લીડરશીપ સમીટને બધા મહાજનો તરફથી સારો પ્રતિભાવ મળી રહ્યો છે. સ્વતંત્ર રીતે ઓબ્ઝર્વર થવા માટે પણ સ્વતંત્ર પૂછપરછ આવી રહી છે.

આ પ્રતિભાવ દેખાડે છે કે માત્ર જ્ઞાતિ આગેવાનો જ નહીં અન્ય જ્ઞાતિજનો પણ જ્ઞાતિને, સમાજજીવનને નવી દિશા મળે એ માટે ઉત્સુક છે. આ ઉત્સાહભર્યા પ્રતિભાવ સાથે ચારે તરફથી એવો પ્રશ્ન ઉઠી રહ્યો છે કે સમીટમાં ખરેખર થવાનું છે શું કે કરવાનું છે શું?

પ્રકાશ સમીક્ષાએ સમસ્ત જ્ઞાતિના સમાજજીવનને તથા સમસ્ત મહાજનને નવી દિશા આપવાની સંભાવનાવાળા આયોજનને પ્રારંભથી જ વધાવ્યું છે એ ખુશીની વાત છે.

લીડરશીપ સમીટમાં ભાગ લેનારાઓ ત્યાં શું થવાનું છે કે શું કરવાનું છે, એ બાબત સ્પષ્ટતા કરવામાં પણ પ્રકાશ સમીક્ષાનો સાથ મળશે એમ ધારી આ લખાણ મોકલું છું.

સમીટની કાર્યવાહી કેવી રીતે આગળ ચાલશે એ સમીટમાં સહભાગી થનારાઓ પર નિર્ભર છે તેથી તેની ચોક્કસ વિગતો આપવાને બદલે આયોજકોએ જ્ઞાતિઆગેવાનોને મંચ આપવા માટે કેવી વ્યવસ્થા કરી છે તેનો અંદાજ આપવાનો પ્રયત્ન કરીશ.

પ્રારંભે નવકાર સ્મરણ અને આવકારની વિધિ બાદ સહ સંયોજક સહભાગી થનારાઓએ શું કરવાનું છે, કેમ કરવાનું છે તેનો ખ્યાલ આપશે. એ પછી સંયોજક જ્ઞાતિના સમાજ જીવનમાં તથાકથિત અનેક નક્કર પ્રવૃત્તિઓ સહ રોજ રોજ પ્રવૃત્તિ થતી હોવા છતાં પ્રગતિ કેમ નથી જણાતી તે અંગે પોતાની ટીપ્પણી રજૂ કરી જોશભેર આગળ વધવા માટે સહિયારા દૃષ્ટિબિંદુ એટલે કે વિઝનના પ્રકાશમાં કેવી પ્રવૃત્તિઓ શા માટે હાથ ધરવી જોઈએ તે અંગે છણાવટ કરશે.

એ પછી જાણીતા વિઝન ડેવલપર નિર્મલ પારેખ વિઝન વિકસાવવાનું મહત્વ સમજાવી સમીટની પૂર્વ તૈયારી રૂપે સૌ મહાજનોને મોકલાયેલ પ્રશ્નોત્તરીના પ્રતિભાવોમાં જ્ઞાતિ આગેવાનોના સહિયારા દૃષ્ટિબિંદુ વિશે કેવું ચિત્ર ઉપસે છે તેનો ખ્યાલ આપી તેને વધુ સમૃધ્ધ બનાવવા કઈ કઈ બાબતો અંગે સુધારા-વધારાને અવકાશ છે તે અંગે અંગુલિ નિર્દેશ કરશે.

આ પછી જ્ઞાતિ આગેવાનો મહાજનોએ પ્રશ્નોત્તરીને આપેલા પ્રતિભાવમાંથી ઉપસેલા સમગ્ર ચિત્ર તથા નિર્મલ પારેખ સુચવેલા સુધારા-વધારા અંગેના માર્ગદર્શનના પ્રકાશમાં પ્રતિનિધિઓ અને પછી ઓબ્ઝર્વરો તેને પરિપૂર્ણ કરવાનો પ્રયાસ કરશે.

તે પછી આ રીતે વિકસાવાયેલા સહિયારા દૃષ્ટિબિંદુ કે વિઝનના પ્રકાશમાં સામાજિક સુરક્ષા તેમજ યુવા તથા મહિલા ઉત્કર્ષ સંબંધે પ્રતિનિધિઓ જુથોમાં વહેંચાઈને વિચાર-વિમર્શ કરશે તથા ત્યારબાદ તેના નિષ્કર્ષો અંગે ઓબ્ઝર્વરો પોતાના વિચારો રજૂ કરી તેને પરિપૂર્ણ બનાવશે.

તે પછી જ્ઞાતિ પાસે જેના પ્રમાણમાં વિકસિત માળખું છે એવા શિક્ષણ તથા મેડિકલ સહાયનો લાભ નાતના ખૂણે ખૂણા સુધી પહોંચે એ માટેના સૂચનો આવકારાશે તથા જરૂરી લાગે તો વર્તમાન માળખાને પુરક થવા સમિતિ રચવામાં આવશે.

આ પછી સંયોજક સમીટનો નિષ્કર્ષ રજૂ કરી જ્ઞાતિના સમાજજીવનને સમૃધ્ધ બનાવવા અત્યાર સુધીમાં થયેલા જ્ઞાતિના સાધનોનો શ્રેષ્ઠ લાભ લેવા આવશ્યક એવા કૉલ સેન્ટર સહિતના ઈન્ટરનેશનલ સેન્ટરની વ્યવહારૂતા અંગે પોતાના વિચારો રજૂ કરશે તથા એ બાબત સર્વ સંમતિ બનાવવાનો પ્રયત્ન કરશે.

દરમિયાન યોગ્ય સમયે વિવિધ મહાજનોએ મોકલેલા લોગો પ્રદર્શિત કરવામાં આવશે તથા શ્રેષ્ઠ લોગોને જ્ઞાતિ સમસ્તનો લોગો જાહેર કરવામાં આવશે.

**નિશીથ દંડ**, કન્વીનર - લીડરશીપ સમીટ ૨૦૧૭

## નાતનું ધાર્મિક ગૌરવ

આજથી ૧૨૫ વર્ષ અગાઉ અચલગચ્છમાં સમય સંજોગો અને કર્માનુસાર સાધ્વીજી ભગવંતો હતા નહીં પણ ગચ્છના પુનરોદ્ધાર માટે, ક્રિયોધ્ધાર પ.પૂ. દાદા સાહેબ અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગૌતમસાગરજી મ.સા. વિ.સ. ૧૯૪૯ના જેઠ વદ ૧૦ ના મુનીશ્રી ઉતમસાગરજી મ.સા.એ કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ સુથરીના સોનબાઈ ને પ્રથમ સંવેગી દીક્ષા આપી એને ૧૨૪ વરસ થયા. ત્યારથી અત્યારસુધી ૫૦૦થી વધુ સાધ્વીજી ભગવંત થયા હશે ત્યારે વર્તમાન સાધ્વીજી ભગવંતોમાં પ્રથમ સાધ્વીશ્રી ''શિવશ્રીજી મહતરા સા. ભ.'' ઐતિહાસિક રીતે ગણી શકાય. જે ગચ્છ - કચ્છ અને નાત માટે ''ગૌરવવંતી'' બીના કહી શકાય.

**- લહેરચંદ વેલજી મૈશેરી**, લાલા-ભાંડુપ




## નાટ્યકર્મીને ઉચિત આદરાંજલિ

રાપર ગઢવારીના પનોતા પુત્ર સ્વ. શ્રી ચાંપશીભાઈ નાગડાએ ખાસ કરીને નાટ્ય ક્ષેત્રે તેમજ ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે યથા યોગ્ય યોગદાન કરી નામના કરી. સાલસ અને મળતાવડા સ્વભાવથી નાટ્યક્ષેત્રે પ્રવૃત્ત અદાકારો, નિર્માતાઓ તેમજ દિગ્દર્શકો અને સંલગ્ન પ્રવૃત્તિઓથી સંકલિત મહાનુભાવોના બહોળા વર્ગમાં મોભીનું સ્થાન ધરાવતા હતા. જ્ઞાતિ સંસ્થાઓ માટે નાટકોના ચેરીટી શૉ કરવા પોતાના જાત સંપર્કોનો હિચકિચાટ વિના ઉપયોગ કરતા વળી કદરરૂપે કૉમ્પલીમેંટરી પાસો સ્વીકારવા નમ્રપણે ના પાડતા. એવું ઉચ્ચ ધોરણનું જીવન જીવ્યા.

તેમની કદરરૂપે શ્રી ચાંપશીભાઈ નાગડાની નાટ્યોગ્રાફી તેમજ ફિલ્મોગ્રાફી સંકલિત કરવાની જરૂર છે. તદ્ઉપરાંત શક્ય હોય તો તેમના નાટ્યોની વીડીઓ યા ફિલ્મો જ્ઞાતિની જાણ ખાતર અને સંભારણા રૂપે પુનઃ પ્રસારિત કરવાની જરૂર છે. **- કાંતિલાલ કેશવજી મોતા**, મુલુંડ

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| ૫ા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર

**શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર તરફથી આ વર્ષે પણ શૈક્ષણિક સહાય આપવામાં આવશે. (ધોરણ ૧૦ સુધી પરિવારના બાળકો/યુવાઓ ને) ફોર્મ તનમન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧લે માળે, ભુજબલ નિવાસ, મદ્રાસી મંદિરની બાજુમાં, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતેથી મેળવી લેવા. ઈમેલથી ફોર્મ મેળવવા.**

**tanmantravels@yahoo.co.in પર મેલ કરી ફોર્મ મેળવી ડાઉનલોડ કરી શકાશે. સ્કુલ ખુલેથી ફી ભરીને ફોર્મ ભરી, ફી રશીદની અને ગયા વર્ષના પરિણામની ઝેરોક્ષ કોપી સાથે ઉપરને સરનામે 30 જુન સુધી મોકલી આપવા વિનંતી છે.**

**શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર**
**અંબામા ટ્રસ્ટ વતીથી**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

૯) **તાળી પાડવાના ફાયદા :** કોઈ કાર્યક્રમમાં કોઈના પ્રવચન પર કે ગીત પર, વાજીંત્રની ધુન-તરંગ પર કે નાટકના કોઈ સારા સંવાદ પર જ્યારે આપણે તાળી પાડીએ છીએ ત્યારે પ્રવચન કરનાર કે કલાકારને આનંદ થાય છે, પ્રોત્સાહન મળે છે પણ તે સાથે જ આપણને પણ ફાયદો થાય છે.

તાળી પાડવાથી હાથના પોઈન્ટ દબાય છે. હાથ, ખભાના સ્નાયુ, લીગામેન્ટસ્, સાંધાને કસરત મળે છે અને તેથી પાચનક્રિયા સુધરે છે. પીઠ, ગરદન વગેરેના સાંધાઓના દુઃખાવો ઘટે છે, ગાઉટ (રક્તવાત)માં ફાયદો થાય છે. જેમને લૉ બી.પી. હોય, (બ્લડપ્રેશર ૧૨૦/૮૦ થી ઓછુ રહેતું હોય) એમને ફાયદો થાય છે. હૃદય, ફેફસાં સંબંધી બિમારીમાં ફાયદો થાય છે. આપણી રોગપ્રતિકાર શક્તિ વધે છે.

બાળકો તાળી પાડે તો બાળકોનું મગજ કુશાગ્ર થાય, અક્ષર સુધરે, જોડણીમાં એમની ઓછી ભુલ થાય. દરરોજ ૧૦ થી ૨૦ મીનીટ તાળી પાડવાથી આ બધા ફાયદા થાય અને સાથે સાથે સજાગ અને ચુસ્ત તેમજ ઊર્જા સભર રહેવાશે માટે નિયમિત તાળી પાડવા ઉપરાંત કોઈપણ કાર્યક્રમમાં જ્યાં જરૂર હોય ત્યાં તાળી પાડવામાં ક્યારેય કંજુસાઈ ન કરીએ, એનાથી કલાકારને આનંદ, પ્રોત્સાહન મળશે સાથે આપણને પણ થોડો ઘણો ફાયદો મળશે અને સારૂં લાગશે.

૧૦) **આમદોષ અને સુંઠ :** આપણે જે ખોરાક ખાઈએ છીએ એ જ્યારે પચતું નથી ત્યારે શરીરના આરોગ્ય પર બધી જ રીતે ખરાબ અસર થાય છે. અશક્તિ થી લઈ પોષણનો અભાવ, શરીરમાં લોહીની ઉણપ, વિટામિન્સ-ખનીજોની શરીરમાં ઓછપ, પ્રતિકાર શક્તિમાં ઘટાડો, ખોટી ચરબી શરીરમાં જમા થવી, વાયુ ઉત્પન્ન થઈ શરીરમાં વાયુની તકલીફ જેવી અનેક બિમારીઓ થઈ શકે છે.

આયૂર્વેદ માને છે કે જ્યારે ખોરાક પચતો નથી ત્યારે એમાંથી આમ ઉત્પન્ન થઈ એ શરીરમાં વિવિધ બિમારીઓ ઉત્પન્ન કરે છે, આમદોષ થાય છે.

આમદોષ અથવા ખાધેલું પચતું નથી એવી પરિસ્થિતિમાં સુંઠનું સ્થાન શિરમોર છે. આદુ કે સુંઠ એ વિશ્વમાં તમામ રોગોનું એક માત્ર ઔષધ છે. સુંઠના ઉપયોગથી શરીર વૃધ્ધિ અને પુષ્ટિ પામે છે. આદુ ચેતના જગાડે છે, અમસ્તુ જ નથી કહેવાયું કે 'કોની માએ સવાશેર સુંઠ ખાધી છે એ સામે આવી જાય.' સુંઠ શક્તિનું સ્ત્રોત છે. આંબાનો રસ પચવામા ભારે છે એટલે જ એની અંદર સુંઠ નાખીને ખાવામાં આવે છે જેથી રસ પચી જાય.

દરરોજ નાની ૧ ચમચી સુંઠ જમ્યા પછી લેવાથી ઘણા ફાયદા થશે. એમ જ જમ્યાના ૧૦-૧૫ મિનિટ પહેલાં થોડી આદુની કતરણમાં થોડો લીંબુનો રસ અને સીંધા નમક નાખી, મેળવી કાચની બોટલમાં ફ્રીઝમાં રાખી, નિયમિત ઉપયોગ કરી શકાય.

૧૧) **ચિંતા-માનસિક તાણ :** ચિંતા-માનસિક તાણને દૂર કરવા વર્તમાનમાં જીવવાની ટેવ પાડવી જોઈએ. સંતુલિત આહાર અને યોગ પણ માનસિક સમતુલા જાળવી રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. ધ્યાન અને મેડિટેશન પણ ખૂબ મદદરૂપ થઈ શકે છે.

કોઈપણ પરિસ્થિતિમાં મન પર આધિપત્ય મેળવતા શીખવું આવશ્યક છે. જે પળ આવી છે તે થોડા સમયમાં બદલાઈ જશે. અકારણ તાણ અનુભવીને આજની ઘડીને શા માટે બગાડવી? નિયમિત સંતુલિત આહાર લઈ, યોગના આસન, ધ્યાન, મેડિટેશન રોજ કરી મન - મગજને કેળવીએ અને ધીરજથી આપણા મન - મગજ પરની ચિંતા - તાણ ઘટાડવા પૂરી કોશીષ કરીએ અને આરોગ્ય પર થતી એની ખરાબ અસરને ઘટાડીએ.

૧૨) **વિટામીન બી ૧૨ :** આજકાલ મોટા ભાગના શાકાહારી લોકોને વિટામીન બી ૧૨ ની ઉણપ હોય છે. વિટામીન બી

**દિવાળી વેકેશનમાં કેરલા જવા વિચારો છો ?**
**તુરંત અમારો સંપર્ક સાધો.**
**મેહુલ બી. મેશેરી - હોલીડે પ્લાનર્સ**
એ.બી. સાલેમ રોડ, જ્યુ ટાઉન, કોચીન-૬૮૨ ૦૦૨, કેરલા.
MOB: 07736025429, 08129945429
Email: info@holidayplannersonline.com
અથીરમપલ્લી (વોટર ફોલ્સ અને હેન્ગીંગ પુલ)
• કોચીન • મુન્નાર • ઠેક્કડી • એલપી (હાઉસબોટ)
• કોવાલમ • કન્યાકુમારી • ત્રિવેન્દ્રમ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

૧૨ ધરાવતા ખાદ્યો ન લેનાર કે ઓછા લેનારને એની ઉણપ થાય છે. જે લોકો આલ્કોહોલ લેતા હોય, જેમને એનીમીઆ (લોહીની ઉણપ) હોય, એમને વિટામીન બી ૧૨ ની ઉણપ થઈ શકે. મેટફોરમીન નામની ડાયાબિટીઝની દવા અને અલ્સર, એસીડીટી માટેની ઓમેપ્રેઝોલ નામની ગોળી લેતા હોય એમને, જે આર.ઓ. પ્લાન્ટ (પાણી શુધ્ધિકરણ મશીન)નું પાણી ખાવા-પીવામાં વાપરતા હોય એમને વિટામીન બી ૧૨ ની ઉણપ થઈ શકે.

ઉણપ જો થોડા પ્રમાણમાં હોય તો જલ્દી ખ્યાલ નથી આવતો કે આપણને વિટામીન બી - ૧૨ ની ઉણપ છે. ખૂબ થાક લાગવો, નબળાઈ લાગવી, ભૂખ ન લાગવી, શરીરમાં લોહીનું પ્રમાણ ઘટી જવું, લોહીની ઉણપ થવી, ત્વચામાં ફિકાસ, યાદશક્તિ ક્ષીણ થવી, સ્વભાવ ચીડીયો થઈ જવો, ડીપ્રેશન-નિરાશા થવી વગેરે ચિન્હો સતત જણાય તો વિટામીન ૧૨ નું ચેકિંગ કરાવવું. (લોહીની તપાસ દ્વારા જાણી શકાય.)

એની વધુ પડતી ઉણપથી કરોડરજ્જુની તકલીફ પણ થઈ શકે, છેવટે લકવો પણ થઈ શકે, મગજને પણ અસર પહોંચી શકે. વિટામીન બી ૧૨ શરીરમાં ડી. એન. એ., જીન્સ વગેરે બનાવે, રક્તકણ બનાવવામાં ભાગ ભજવે. માનસિક શારીરિક સ્વસ્થતા જાળવી રાખવામાં મદદરૂપ થાય, હૃદય અને શરીરમાં લોહી લાવતી નસો (શીરા-વેઈન્સ અને લઈ જતી નસો ધમની-આર્ટરીઓ) ની આખી સીસ્ટમ સારી રીતે કાર્યરત કરે, હિમોસિસ્ટીન નામના જોખમી પ્રોટીનનો શરીરમાંથી નિકાલ કરે છે. હિમોસિસ્ટીનનું પ્રમાણ શરીરમાં વધી જાય તો હૃદયની રક્તવાહિનીઓને નુકશાન થાય, હૃદયરોગની શક્યતા વધે.

વિટામીન બી ૧૨ હાડકા મજબૂત બનાવે, ઉણપથી ઓસ્ટીઓપોરોસીસ થવાની શક્યતા રહે, જે થાય તો સાંધા જલ્દી ઘસાય, ફ્રેક્ચર જલ્દી થઈ શકે. વિટામિન્સ બી ૧૨ શરીરના દરેક ભાગને પ્રોટીન આપવાનું કામ કરે છે એટલે પુરૂષોમાં એ ઈન્ફર્ટિલીટી પણ પેદા કરે છે, વિટામીન બી ૧૨ મગજ પાસેથી સમતોલપણે કામ કરાવે છે.

**વિટામીન બી ૧૨ શેમાંથી મળે :** દુધ અને દુધમાંથી બનતા દહીં, છાશ, ઘી (વનસ્પતિ ઘી નહીં), પનીર, ચીઝ જેવી ખાદ્ય સામગ્રીમાંથી આપણને વિટામીન બી ૧૨ મળે. કાચી ગરમ કર્યા વગરની (રૉ) ચીઝના ૧.૫ ઔંસમાં ૧.૫ માઈક્રોગ્રામ વિટામીન બી ૧૨ હોય, કૉટેઝ ચીઝના ૧ કપમાં ૧.૪ માઈક્રોગ્રામ વિટામીન બી ૧૨ હોય છે. સોયાબિન મિલ્ક, સોયા પ્રોડક્ટસ્, બદામનું દૂધ, ફોર્ટીફાઈડ બી ૧૨ ડ્રિન્ક, ફોર્ટીફાઈડ સીરીઅલ્સ, (અમુક ખાવા અન પીવાની ચીજો જેમાં બી ૧૨ ઉમેરેલ હોય) અમુક સીરીઅલ્સ-અનાજ વગેરે નિયમિત ખાવા પીવાથી આપણને વિટામીન બી ૧૨ મળે. રાઈસ બેવરેજીસ, સોયા બેવરેજીસ એટલે કે સોયાબીન અને ચોખાના પીણામાં, ટોફુ (સોયા પનીર), લો ફેટ ડેરી પ્રોડક્ટસ (ઓછી ચરબી વાળી ડેરીની ચીજો) અને મશરૂમ લેવાથી વિયામીન બી ૧૨ મળે. જમીનની અંદર ઉગતા કંદમૂળ, બટાટા, ગાજર, મૂળ/શક્કરિયા (રતાળુ) વગેરેમાં થોડા પ્રમાણમાં વિટામીન બી ૧૨ હોય છે. ઉપરોક્ત વસ્તુઓનો નિયમિત ઉપયોગ કરીએ અને વિટામીન બી ૧૨ ની ઉણપ દૂર કરી ઘણી તકલીફો - બિમારીઓથી બચીએ. શાકાહારીએ આ ખાદ્યોમાંથી જે મળેતે વધુમાં વધુ ખાદ્યોનો ખોરાકમાં ઉપયોગ કરવો જોઈએ.


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**

**દ્વારા તા. ૯-૭-૨૦૧૭ રવિવારના લોનાવલા મધ્યે આંતરજાતિય કન્યાઓ સાથે સગપણ સંમેલન રાખવામાં આવેલ છે. તો ઉમર વર્ષ ૩૦ સુધીના ઈચ્છુક યુવકોએ સંપર્ક સાધવા વિનંતી.**

**હેમંતભાઈ મોતા - 09370710891**
**કિરણભાઈ દંડ - 09833808244**
**કુસુમકાંત લાલકા - 09323961617**



।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી વાછરા દાદાય નમો નમઃ ।।

**શૈક્ષણિક ક્ષેત્રે યશસ્વી**



**ચિ. વત્સલ હિતેશ**
**ગોવિંદજી પટેલ** (સાંધવ-મુલુંડ)
**7th માં 95% મેળવા બદલ અભિનંદન.**

દાદા-દાદી : **અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ**
નાના-નાની : **શ્રીમતી નયના સોમચંદ વિસનજી ખોના** (તેરા)
માતા-પિતા : **અ.સૌ. હેતલ દિનેશ ગોવિંદજી પટેલ**



।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી વાછરા દાદાય નમો નમઃ ।।

**સાંધવ (લોડાયા પરિવારનું ગૌરવ)**



**ચિ. જીગર**
**ગિરીશ મણીલાલ લોડાયા**
સાંધવ - લોકાપુર
**10th C.B.S.E. માં 98%**
**ગુણ મેળવવા બદલ અભિનંદન**

**શ્રી ગોવિંદજી લાલજી પટેલ સાંધવ (મુલુંડ)**

# સ્ત્રીઓનો પહેરવેશ




સ્ત્રીઓના કપડાં વિશે થોડો સમય પહેલા વળી એક મંત્રીએ કોમેન્ટ કરી પણ આ વખતે જરા જુદી રીતે તેમણે કહ્યું કે વિદેશી સ્ત્રીઓએ ભારતમાં સ્કર્ટ પહેરીને ન ફરવું જોઈએ. તેને કારણે બળાત્કારના કિસ્સાઓ બને છે. તો બીજી તરફ તેનાથી તદ્દન વિપરીત વાત ફ્રાન્સમાં બુરકિની સામે વિરોધ હતો. જેમને ખબર ન હોય તેમની જાણ ખાતર બુરકિની એટલે ફક્ત ચહેરો દેખાય અને આખુંય શરીર ઢંકાય તેવો મુસ્લિમ મહિલાઓ પહેરતી સ્વીમિંગ સ્યુટ. જે તેઓ ફ્રાન્સના દરિયાકિનારાઓ પર નહાવા જતી વખતે પહેરતી હતી. હવે એવો વિચાર આવે કે બુરકિની માટે શું કામ વાંધો આવવો જોઈએ પણ તેમાં કોઈ સમજાવી શકાય એવું લોજિક નથી. એમ તો સ્કર્ટ માટે પણ શું કામ વાંધો હોવો જોઈએ ? સાડી પણ સ્કર્ટ જેવી જ હોય છે ને? તો શું સાડી પહેરવા ઉપર પણ પ્રતિબંધ આવી શકે ?

શાળામાં આપણે ભણ્યા હતા તે યાદ કરીએ તો આદિ માનવે કપડાંની શોધ કરી શરીરને ટાઢ, તડકાથી બચવા માટે. શરૂઆતમાં તો પ્રાણીના ચામડાને જ પહેરવામાં આવતું હશે કે ઝાડની છાલનો વસ્ત્ર તરીકે ઉપયોગ થતો હશે. ત્યારબાદ માણસનો વિકાસ થતાં કાપડની શોધ થઈ અને વિકસિત માણસે તેમાં કારણો ઉમેર્યા એવું કહી શકાય. કપડા વ્યક્તિત્વનું એક્સ્ટેન્શન બની ગયા છે પણ હવે તો માનસિકતા પણ બની ગયા છે. પુરુષોને સ્ત્રીઓના કપડાં પરેશાન કરે છે કે તેમની માનસિકતા તે સમજાતું નથી એટલે તેઓ કપડાંને દોષ આપે છે.

સ્ત્રીના કપડાં વિચલિત કરે છે કે તેનું શરીર તે અંગે ઝાઝું વિચારવાની તસ્દી લેવાની પુરુષને જરૂર જણાતી નથી. પોતાની માનસિકતાનો વિચાર કરવા માત્રથી પુરુષ ગભરાય છે કારણ કે તેને દેખાય છે કે કન્ટ્રોલ કરવાની વાત તે ક્યારેય શીખ્યો જ નથી કે પછી તેને શીખવાડવામાં આવી જ નથી. તેને દરેક બાબતની છૂટ હોય છે. કન્ટ્રોલ તો સ્ત્રીએ જ કરવાનો હોય છે. આ જાતીય ભેદભાવ જન્મતાંની સાથે ગળથૂથીમાં સ્ત્રી અને પુરુષ બન્નેને મળે છે.

સ્ત્રી બાપડી બહાર નીકળે કે સતત સાડીના છેડાઓ સરખા ગોઠવ્યા કરે. ક્યાંક કશેથી શરીર દેખાશે તો પુરુષની નજર ત્યાં જ ચોંટી જશે. સૌંદર્યને સરાહવું અને આરપાર વીંધતી નજરે જોવું એ બેમાં ફેર છે. ધારો કે આપણો સમાજ પિતૃસત્તાક માનસિકતા ધરાવવાને બદલે માતૃસત્તાક માનસિકતા ધરાવતો હોત તો એવું ફરમાન આવત કે પુરુષોએ જાહેરમાં સ્ત્રીની સામે જોવું નહીં. કાં તો આંખ બંધ કરી દેવી કે પછી નજર ફેરવી લેવી કે નીચી આંખે જ સ્ત્રીની સાથે વાત કરવી. વાહિયાત વાત લાગે છે ને? એવી જ વાહિયાત વાત લાગે જ્યારે સ્ત્રીની બ્રાની પટ્ટી પણ જો જરા દેખાય તો પુરુષનું મનોબળ હલી જઈ શકે છે. સ્ત્રી પણ પોતે કોઈ બહુ મોટો ગુનો કર્યો હોય તે રીતે ગુનાહિતભાવ અનુભવતા તેને છુપાડવાનો પ્રયત્ન કરશે. હવે એ અલગ વાત છે કે આજની આધુનિક નારી બ્રાના રંગીન પટ્ટાઓ છુપાવતી નથી. જો કે એવું પણ ફક્ત ને ફક્ત શહેરના કેટલાક વિસ્તારમાં જ શક્ય બને. બાકી તો સ્લીવલેસ કપડાંમાંથી દેખાતા હાથ પણ પુરુષોને શોર્ટ સ્કર્ટમાંથી દેખાતા પગની જેમ સેક્સી લાગી શકે છે. તેથી જ તમે જોયું હશે કે મોટાભાગની ભારતીય સ્ત્રીઓ સ્લીવલેસ કપડાં પહેરવાની હિંમત કરતી નથી.

જુહુ બીચ પર ચાલવા જતાં એક સમયે દરરોજ એક મહિલા જોવા મળતી. તેની ઉંમર ચોક્કસ જ સાઈઠ ઉપર હશે. સફેદ ટુંકા વાળ સાથે મેચ થતી ચહેરા અને શરીર પરની કરચલીઓને મોઢા પર બેફિકરું હાસ્ય. આ મહિલા ક્યારેક ફ્રોક પહેરે તો ક્યારેક ઢીલું પેન્ટ અને ગંજી જેવું ટી શર્ટ અને અંદર બ્રા ન પહેરી હોય. પગમાં ચપ્પલ ન પહેર્યા હોય. ભીની રેતી પર પોતાની મસ્તીમાં ચાલતી હોય. તેની બેફિકરાઈ માટે માન થાય. શા માટે સ્ત્રીએ બ્રા પહેરવી અને પહેરવી જ હોય તો તેના પટ્ટા ન દેખાય તેની સાવચેતી રાખવી. હું આ લખી રહી છું પણ કબૂલવા દો કે મારા ડીએનએમાં પણ એ ડર ઘુસી ગયેલો છે. મારામાં હિંમત નથી એ સ્ત્રીની જેમ બિનધાસ્ત ફરવાનું ભલે હું ઈચ્છતી હોઉં તો પણ. સાઈઠ વરસે પણ એ હિંમત આવશે કે નહીં તે કહી શકતી નથી. આ જ નહીં હવે એક નવો ફોબિયા પણ નારીઓમાં આકાર લઈ રહ્યો છે બહેનજી

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||   || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર

ઇંડીકા / ઇંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન

સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા

099798 55686

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed

Originally at Zaveri Bazar since 1976

સિન્ડ્રોમ. બહેનજી જેવી દેખાતી સ્ત્રી એટલે પારંપારિક વિચારો ધરાવતી સ્ત્રી એવું માની લેવામાં આવે છે. જ્યારે ખરેખર એવું ન પણ હોય. સાડી કે સલવાર કમીઝ સાથે લાંબા વાળનો ચોટલો હોય, કપાળે ચાંદલો હોય પણ તે માનુનીના આધુનિક વિચારો હોઈ શકે. જ્યારે શોર્ટ સ્કર્ટ અને બોબ્ડ હેર વાળી સ્ત્રી હોય તો તે કોઈપણ પુરુષ સાથે સંબંધ બાંધવા અવેલેબલ છે એવું ન પણ હોય. પારંપરિક પહેરવેશ પહેરતી એટલે કે બહેનજી જેવી દેખાતી યુવતીઓને કોલેજમાં કે અન્ય સ્થળોએ ઉપાલંભ સહેવો પડતો હોય છે.

કપડાં અને દેખાવ સ્ત્રીની માનસિકતા છતી કરે છે તે જરૂરી નથી. પણ સ્ત્રીનો દેખાવ અને કપડાં પુરુષોની માનસિકતાને ઉત્તેજીત કરી શકે છે તે બાબતે મોટાભાગના પુરુષોનું અને સ્ત્રીઓનું પણ સમર્થન હોય છે. પુરુષ અને સ્ત્રી વચ્ચે આકર્ષણ હોય તે કુદરતી છે તેનો સ્વીકાર જરૂરી છે પણ તેથી સ્ત્રીના કપડાં કે શરીર પુરુષનો પોતાના તનમન પરનો કાબૂ ગુમાવી દે તેનો સ્વીકાર કેવી રીતે થઈ શકે? સ્ત્રીના કપડાંનો સંદર્ભ આપતાં પુરુષો કે બીજી સ્ત્રીઓની ટીકા કરતી સ્ત્રીઓ એકવાર પણ જરા જુદી રીતે વિચાર કરવાની આદત કેમ નથી પાડતા? સ્ત્રીના કપડાં જ નહીં સ્ત્રીને જોવા માત્રથી પણ કેટલાક પુરુષો અભડાઈ જતા હોય છે. પુરુષોની પોતાના મન પરનો કન્ટ્રોલ નથી રહેતો એટલે તેઓ વારંવાર સ્ત્રીઓને કન્ટ્રોલમાં રાખવાના કે તેમને જ ગુનાહિતતાના પાંજરામાં ઊભા રાખવાનો પ્રયત્ન કરે છે.

અહીં બદલાવ આવી શકે જો સ્ત્રીઓ પહેલ કરે એવા પુરુષોને જન્મ ન આપે જેમની માનસિકતા આટલી નબળી હોય. પુરુષોની માનસિકતા માટે આપણે સ્ત્રીઓ પણ પચાસ ટકા જવાબદાર છીએ તે કબૂલવું પડે. બાકી મોટાભાગની સ્ત્રીઓની જેમ કહીને છૂટી જવાય કે અમારું તો ઘરમાં ચાલતું જ નથી. એવું કહેનાર સ્ત્રીએ પુરુષોની બળાત્કારી નજરનો અને બળાત્કારી માનસનો ય ભોગ બનવા તૈયાર રહેવું પડે છે. શું કામ આપણે પુરુષોની માનસિકતાની જવાબદારી લઈએ. તેમની સામે સબળા બનીને ઊભા રહેવું પડશે. જેટલું લખી શકાય છે કે કહી શકાય છે તેટલી આ બાબત સહેલી નથી પણ અઘરી ય નથી. નાનો બદલાવ પણ ધીમે ધીમે મોટો બદલાવ લાવી શકે છે. પુત્રને તો સંસ્કાર આપી જ શકાય કે સ્ત્રીના વ્યક્તિત્વનો આદર કરવો અને પુત્રીને શરીર બાબતે ખોટી સભાનતા ન કેળવવાના વિચારો આપી શકાય.

– **દિવ્યાશા દોશી**, મુંબઈ સમાચારમાંથી સાભાર

## અંબરનાથમાં આચાર્ય મહોદય સાગરસૂરિજીની સૂરિમંત્ર પંચ પ્રસ્થાન આરાધનાનો પ્રારંભ તથા ચાતુર્માસ પ્રવેશ

અંબરનાથમાં શ્રી મુનિસુવ્રતસ્વામી આદિની અંજન- પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ તાજેતરમાં અચલગચ્છ શણગાર આ.ભ. શ્રી ગુણોદય - કલાપ્રભ - કવીન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરી પંચકની શુભ નિશ્રામાં ઉજવાયા બાદ નૂતન આચાર્ય શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ ત્યાં ગુણ શતાબ્દી ભવનના ૪થા માળે સજાવેલ શ્રી આદિનાથ આદિ પ્રભુજીઓની ભવ્ય પીઠિકા સમક્ષ શ્રી સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની વિધીવત આરાધનો પ્રારંભ તા. ૩૦/૫ થી શરૂ કર્યો છે. (૧) તા. ૩૦/૫ થી ૨૦/૬ સુધી. (૨) તા. ૨૨/૬ થી ૫/૭ સુધી. (૩) તા. ૩૦/૮ થી ૨૩/૯ સુધી. (૪) તા. ૨૫/૯ થી ૨/૧૦ સુધી. (૫) તા. ૪/૧૦ થી તા. ૧૯/૧૦ સુધી. આ દિવસોમાં એકાંત-મૌન-તપ-જાપ સહ આરાધના ચાલુ હોવાથી દર્શનાર્થીઓએ આ સિવાયના દિવસોમાં આવવાનો લક્ષ રાખવો.

ફક્ત તા ૩૦/૭ના સવારે ૯ વાજે પુજ્યશ્રી સાથે મુનિરાજ શ્રી ધર્મરત્ન - અભ્યુદય - તત્વરક્ષિત - મેઘરક્ષિત - ચૈત્યરક્ષિતસાગરજી ઠા. ૬નો ચાતુર્માસ પ્રવેશ ઉપરોક્ત સ્થાને હોવાથી તે દિવસે પુજ્યશ્રી માંગલિક પ્રવચન ફરમાવશે.

બીજી પિઠિકા પૂર્ણ થયા બાદ પર્યુષણ સુધી દરરોજ ચાતુર્માસિક પ્રવચન આપશે. ભા. સુ.૯ થી ત્રીજી પિઠિકાનો પ્રારંભ થવાનો હોઈ ચૈત્ય પરિપાટી માટે પધારનાર સંઘોએ બનતા સુધી ભા. સુદ ૮ સુધી અંબરનાથ આવી જવું. ત્યારબાદ ભા. સુ. ૧૫ સુધી બપોરે ૩ થી ૭ દરમ્યાન પુજ્યશ્રીના દર્શન આદિ થઈ શકશે.

ચાતુર્માસ દરમ્યાન દરરોજ ૨ ટાઈમ પ્રવચન, ત્રિકાલ સમુહ દેવવંદન, ગૌતમ લબ્ધિ તપ, ભક્તામર તથા ૯ સ્મરણ પાઠ, સમૂહ જાપ આદિ આરાધનાઓ થશે. અષાઢ સુદિ ૧૩ થી ભા. સુ. ૫ સુધી એકાંતરા ઉપવાસ (પારણે બ્યાસણું) અથવા સળંગ આયંબિલ તપ સાથે જે પણ શ્રાવક - શ્રાવિકાઓને અબંરનાથ સંઘમા રોકાઈને ઉપરોક્ત આરાધનાઓનો લાભ લેવો હોય તેમણે તા. ૩/૬ ની ખબરપત્રિકામાં આવેલ ફોર્મની વિગત ભરીને શીઘ્ર ૮૦૮૦૮૫૪૧૪૧ નં ઉપર મેહતાજી લક્ષ્મીચંદભાઈને કુરીઅરથી યા સંગાથ જોગ મોકલી આપવાનું જણવવામાં આવ્યું છે.

**સરનામું : ગુણશતાબ્દી ભવન, શ્રી. ક.વી.ઓ. જૈન સંઘ, પ્લોટ નં. ૫૩, કાનસાઈ સેક્શન, અંબરનાથ (પૂર્વ), તા. ક્લ્યાણ, જી. થાણા (મહારાષ્ટ્ર).**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO

અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

khel KDO khel
2017 AKCT
Anant KDO CRICKET TOURNAMENT

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

| પ્રતિયોગિતા શુભારંભ | પ્રતિયોગિતા સમાપ્તિ |
|---|---|
| શનિવાર, ૨૭.૦૫.૨૦૧૭ | રવિવાર, ૨૮.૦૫.૨૦૧૭ |

સ્થળઃ કલ્યાણ ડોંબિવલી મ્યુનિશિપલ કોર્પોરેશન (KDMC) ગ્રાઉન્ડ, ડોંબિવલી (ઇસ્ટ) - ૪૨૧ ૨૦૧.

BHUMI RAJ CUP



અનંત કે.ડી.ઓ. ક્રિકેટ ટુનાર્મેન્ટ-૨૦૧૭
ક્રિકેટ કમિટિ


શ્રી અમન દંડ અને શ્રી કિરણ દંડનું
સ્વાગત કરતા કન્વીનર શ્રી દીપકભાઇ લોડાયા


શ્રી અમન દંડ અને શ્રી કિરણ દંડનું
સન્માન પાઘડી પહેરાવતા શ્રી હેમંતભાઇ ધુલ્લા


શ્રી અમન દંડ અને શ્રી કિરણ દંડ સાથે
ઉપસ્થિત મહાનુભાવો


શ્રી અમન દંડ અને શ્રી કિરણ દંડ દ્વારા
દીપ પ્રાગટ્ય


શ્રી હેમંત ધુલ્લા, શ્રી દીપક લોડાયા
દ્વારા દીપ પ્રાગટ્ય


શ્રી કિરણ દંડ દ્વારા શેઠશ્રી નરશી નાથાને
માળા રોપણ


શેઠશ્રી નરશી નાથા, શ્રી અનંતનાથ દાદા,
શ્રી મહાકાલી દેવી


અનંત કે.ડી.ઓ. ક્રિકેટ ટુનાર્મેન્ટ-૨૦૧૭
વિવિધ ટ્રોફીઓ


૪ અને ૬ રન પર ઢોલ અને
શરણાઇ વાદન


અનંત કે.ડી.ઓ. ક્રિકેટ ટુનાર્મેન્ટ-૨૦૧૭
ક્રિકેટ પીચ-ગ્રાઉન્ડ


શ્રી કિરણ દંડ દ્વારા ક્રિકેટ પીચનું
ભૂમિ પૂજન



ભૂમિ પૂજન બાદ શ્રીફળ વધેરતા
શ્રી કિરણભાઇ દંડ, શ્રી અમન દંડ



ક્રિકેટ મેચ ટોસ



શ્રી કિરણભાઇ દંડ દ્વારા બોલીંગની
શુભારંભ



શ્રી અમન દંડ દ્વારા બેટીંગની
શુભારંભ



૪ અને ૬ રન પર બ્યુગલના શોર
શ્રીમતી મનીષાબેન લાલકા



તિલકનગર સીનીયર પોલીસ
ઇન્સપેક્ટર મેચ નિહાળતા



ક્રિકેટ ટુનાર્મેન્ટનું દ્રશ્ય



મેચ નિહાળતા શ્રી ચીમનભાઇ,
શ્રી હીતેશભાઇ, શ્રી સમીરભાઇ



પોતાની ટીમ માટે ચીઅર્સ અપ
કરતા ટીમના ખેલાડીઓ



મેચ નિહાળતા શ્રી લેરીનભાઇ,
શ્રી કલ્પેશભાઇ, શ્રી ચેતનકુમાર



ક્રિકેટ ટુનાર્મેન્ટનું દ્રશ્ય



આમંત્રિત મહેમાનો માટેનું સ્ટેજ



ક્રિકેટ મેચ માટેનો ટોસ
વિજેતાને શુભેચ્છા




ક્રિકેટ મેચ પ્લેયર સ્ટેજ



આમંત્રિત મહેમાનો સાથે સેલ્ફી પોઇન્ટ



આમંત્રિત મહેમાનો સાથે સેલ્ફી પોઇન્ટ



શ્રી કલ્પેશ મોતા, શ્રી દીપક લોડાયા
શ્રી હીરાલાલ ડાઘા બેટીંગ મુદ્રામાં



પ્રથમ દિવસની મેચ પુર્ણાહૂતિએ
આનંદની ક્ષણો



દ્વિતીય દિવસની પ્રથમ મેચ પૂર્વે
ગ્રુપ ફોટો



શ્રી ભૂપેન્દ્રભાઇ દંડનું પાઘડીથી
સન્માન કરતાં શ્રી હીરાલાલ ડાઘા



શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ સાથે
મહાજનશ્રીના પદાધિકારીઓ



શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ ને સ્વાગત નૃત્ય
ભાંગડા થી આવકારતા



ક્રિકેટ અધ્યક્ષ શ્રી હીરાલાલ ડાઘાને
હર્ષોલ્લાસથી ઉપાડતા ડાન્સ કલાકારો



શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ અને
ક્રિકેટ અધ્યક્ષ શ્રી હીરાલાલ ડાઘા


આમંત્રિત મહેમાનો સાથે સેલ્ફી પોઇન્ટ


વિજેતા ટીમને વિક્ટરી મુદ્રા દર્શાવતા શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ


શ્રી ભૂપેન્દ્રભાઇ દંડને આયોજનની વિગતો જણાવતા શ્રી હીરાલાલ ડાઘા


મહારાષ્ટ્ર રાજ્ય મંત્રી શ્રી રવિન્દ્ર ચવ્હાણનું આગમન


ક.ડોં.મ.પા. નગરસેવક શ્રી મહેશ પાટીલ મેચ નિહાળતા


ક્રિકેટ ટુનાર્મેન્ટનું દ્રશ્ય


શ્રી ભૂપેન્દ્રભાઇ દંડને આયોજનની રૂપરેખા જણાવતા શ્રી દીપકભાઇ


ક્રિકેટ સ્મરણિકા સોવેનીયર વિમોચન


ક્રિકેટ સ્મરણિકા સોવેનીયર વિમોચન મહાનુભાવો દ્વારા


શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ દ્વારા મેન ઓફ ધી મેચ ટ્રોફી અર્પણ


શ્રી કિરણભાઇ દંડ દ્વારા મેન ઓફ ધી મેચ ટ્રોફી અર્પણ


શ્રી તિલકભાઇ લોડાયા દ્વારા મેન ઓફ ધી મેચ ટ્રોફી અર્પણ


કન્વીનર શ્રી દીપકભાઇ લોડાયા દ્વારા મેન ઓફ ધી મેચ ટ્રોફી અર્પણ


કન્વીનર શ્રી સમીરભાઇ દંડ દ્વારા મેન ઓફ ધી મેચ ટ્રોફી અર્પણ


શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ દ્વારા બેસ્ટ બોલર ટ્રોફી અર્પણ


મંચસ્થ મહાનુભાવો દ્વારા બેસ્ટ બેટસમેન ટ્રોફી અર્પણ


મંચસ્થ મહાનુભાવો દ્વારા મેન ઓફ ધી સીરીઝ ટ્રોફી અર્પણ


ભૂમિરાજ કપ વિજેતા ટીમ રામાપીર સ્ટ્રાઇકર્સ


વિજેતા ટીમ રામાપીર સ્ટ્રાઇર્સ


શ્રી ભૂપેન્દ્રભાઇ દંડ દ્વારા રનર અપ ટ્રોફી કેપ્ટનને અર્પણ


રનર અપ ટીમ કાંજુર નાઇટ રાઇડર્સ


ક્રિકેટ ટુર્નામેન્ટની પુર્ણાહૂતિ બાદ મનોરંજનની એક ક્ષણ


ક્રિકેટ ટુર્નામેન્ટની ઉજવણી સ્વરૂપે બલૂન્સ ઉડાડતા શ્રી ભૂપેન્દ્રભાઇ


વિજેતા ટ્રોફી સાથે બલૂન્સ સેલીબ્રેશન

# ઘરમશી તથા ગાલા પરિવારનું ગૌરવ



અંજલી પ્રમેન્દ્ર શાહ
(ઘરમશી)

જય જિનેન્દ્ર !

સહર્ષ સાથે જણાવવાનું કે અમારી દિકરી **ચિ. અંજલી પ્રમેન્દ્ર શાહ (ઘરમશી)** કચ્છ ગામ-કોઠારા, હાલ નાગપુર, HSC (State Board) ની પરીક્ષામાં 96.76% મેળવીને વિદર્ભ તથા મહારાષ્ટ્રના Commerce Faculty માં પ્રથમ આવી છે.

**ઝળહળતી સફળતા મેળવવા બદલ**
**ખૂબ ખૂબ અભિનંદન...**

**શુભેચ્છક :**

| | | |
|---|---|---|
| માતા-પિતા | : **દેવબાલા પ્રમેન્દ્ર ઘરમશી** | (કોઠારા - નાગપુર) |
| દાદી-દાદા | : **સ્વ. ભાગ્યવંતી નવીનચંદ્ર ઘરમશી** | |
| નાની-નાના | : **અ.સૌ. રમીલાબેન વિજય ગાલા** | (મંજલ રેલડીયા - જલગાંવ ) |
| મામી દાદી-મામા દાદા | : **અ.સૌ. હીનાબેન ચંદ્રકાંત પોલડીયા** | (ડુમરા - નાગપુર) |
| ફઈ-ફુઆ | : **અ.સૌ. મીનાબેન મનોજ મોમાયા** | (સાયરા - કોચીન) |
| માસી-માસા | : **અ.સૌ. રેખા ટેકેન્દ્ર લોડાયા** | (મોટી સિંઘોડી - ભોપાલ) |
| નાની બેન | : **ઉર્વી** | |



# CONGRATULATION

**International Level સુધી Mahendi ને લઈ જનારા Bollywood Mahendi Queen**

## VEENA NAGDA

**ના અમે ખૂબ ખૂબ આભારી છીએ**

અમારી દિકરી **મીનલ દિનેશ દંડ** (સાંઘવ) અને **કરીશ્મા મયુર ઘરમશી** (સુથરી) હાલમાંજ **Gitanjali Jewels** ના Owner ની Daughter ના Wedding માં મહેંદી મુકવા **14 Girls** ના ગ્રુપ સાથે **Abudhabi** લઈ ગયા હતા. એના પહેલા પણ તેમની સાથે તર્કી, નેપાલ, ને યુરોપ જઈ આવ્યા છે અને હવે લંડન અને અમેરીકા લઈ જવાના છે.

**આમ જ ઉત્તરોતર પ્રગતી કરતા રહે એવા અમારા આશીર્વાદ.**

શુભેચ્છકો :

**માતુશ્રી જેતબાઈ ખીમજી મોમાયા** (મોટી સિંઘોડી)

### જીવ જયણાનું અભરાયણ !!

વયોવૃદ્ધ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી વેરશી નાગડા લાલા / ખિરકીયાવાલા એટલે જીવદયાનું જીવતું જાગતું અભરાયણ! એમના જિગરે જીવ જયણાના સાચા ઘીના દીવા બળે! એ પરિવારની ૧૨૫ એકર જમીન ઉપર ખાતા પિતા અને સ્વ ખીલે બાંધેલા અંદાજે ૧૮૦ થી ૨૦૦ જનાવરો નભે! જાણે એક નાનકડી પાંજરાપોળ સ્વ ખર્ચે અને સ્વ મહેનતે નભાવે. ઘરની વહુઆરૂઓ નીત્ય બે-ત્રણ કિલોના રોટલા કૂતરાઓ માટે ટીપે! કીડીઓને કણ નાખે!

પરિવારના સૌ સભ્યો રાબેતા મુજબ પાટલા અને ઢીંચણીયા ઢાળીને બપોરીયા કરવા બેઠા ત્યાં જ માતુશ્રીએ સૌ વહુ - દિકરા સમક્ષ જમવાની થાળી હડસેલી કહે, નથી જમવું મારે... અને સ્વ. ઘરેણાનું પોટલું આપતાં કહે. સાંભળો છોરાઓ - મેં ગામમાંથી સાંભળ્યું છે કે, અછતનું વરસ ચાલતું હોઈ આપ આપણાં દૂધાળા ઢોરોને પાંજરાપોળમાં મોકલવાની પેરવી કરી રહ્યા છો! તમે સૌ છ ફુટની હાઈટ અને ૯૦ / ૧૦૦ કિલો વજન ધરાવો છો. તેમાં મુખ્ય ફાળો આ મુંગા પશુઓનો છે. આ દાગીના વેંચી નાંખો, ઘર વેંચી દો. પણ આપ જેવા મારા ઢોરો સાથે ગામનો પણ કોઈ ઢોર પાંજરાપોળમાં નહીં જાય! સમજ્યા. હું બેઠી છું ને! કંઈ પણ કરો. ઢોરો અહીંજ રહેશે. સૌ સંતાનો શાનમાં સમજી ગયા! દાગીના મા ને પાછા આપ્યા, માફી માંગી અને લાગી ગયા ઢોરોનું જતન કરવા. ગામના ઢોરોને પણ ચરોચાર નાખ્યા, પાણી પાયું. માતુર્શ્રા ચાર હાથે શીરે ધરી.

લક્ષ્મીમા સાથે આ નાગડા પરિવારની જીવજયણાએ ઝૂકી તો જવાય ને?

### સંયુક્ત પરિવારની યશોગાથા

સમય અને સંજોગોએ નાગડા પરિવાર કચ્છ લાલા છોડી મધ્ય પ્રદેશના ખિરકીયાને વતન કર્યું એને શતાબ્દી થઈ. પરિવારના મોભી શ્રી ભવાનજી વેરશી નાગડા અને ભાઈઓએ ત્યાં નશીબને અજમાવ્યું અને સફળ અને સદ્ધર થયા. પરિવારના વયોવૃદ્ધ માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી ૮૬ વરસે ૬ દિકરા અને ૪ દિકરીના પચીશ જણને ચાંવત - ચીવટ અને ચતુરાઈએ સંયુક્ત પરિવારે. ''રાજા રાજા પાલખી''એ જાજરમાન વ્યક્તિત્વે, કડે ઘડે છે. અમે બે ને અમારું એક ના વાયરા વચ્ચે નાગડા પરિવાર ૨૦ રૂમની આલીશાન જગ્યામાં સમજ - સમાધાન અને સહકારની ગાંઠે બંધાઈ આખાય ગામ સાથે પંચકના ૩૦ કિ. મી. વિસ્તારના કિસાનો અને વ્યાપારી આલમમાં આદરના આસનીયે બીરાજી સંયુક્ત કુટુંબની સાર્થકતાને સંસ્કારી છે. સૌ સભ્યો નિત્ય દેવ - દર્શન - પૂજા - વૈયાવચ્ચ વેપાર અને મહેમાગીરીમાં વ્યસ્ત રહે. ૧૨૫ એકર જમીનમાં અનાજ - ઘઉંના ૧૨૦૦ થી વધુ પોતા ધાન્ય ઉપાર્જન કરી પશુઓને પણ પરિવારના સભ્યો જેમ સાચવે. જ્ઞાતિ વસતીના હર ગામમાં તેઓશ્રીના કોઈ ન કોઈ સબંધીઓ છે. લોકલ રાજકારણીઓ પણ નાગડા પરિવાર સાથે મીઠા સબંધો જાળવે જ. ઘર ના લગ્ન પ્રસંગે પાંચ બસ તો ઘરની જ થઈ જાય ! અને જાજા હાથ રળીયામણાની કહેવતે સારા - નરસા પ્રસંગો સંખ્યાબંધ હાથે વહેંચાઈ જાય. લક્ષ્મી મા એ મહિલા સબંધે - દિકરી - વહુ - મા - સાસુ - વેવાણ જેવા હર સબંધોને માયાને મુલાયમ પાટે બાંધી રાખ્યા છે. અતિથી વગરનો કોઈ દિવસ ના જાય; પરિવારની દરેક દિકરીઓ જ્યાં જ્યાં છે ત્યાં સુવાસ પસરાવી છે! નાત સંસ્કારના સાથીયા જેવા નાગડા પરિવાર સાથે ''લક્ષ્મી મા ની દીર્ઘ દ્રષ્ટિ અને દૂરંદેશીએ'' ઝૂકી તો જવાય ને?

(શ્રી નરશી જેઠાભાઈ દંડ મલકાપુરવાળા અને માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ ધુલ્લા પરિવારમાં પણ આવી જ વિશેષતાઓ જોવા મળે છે.)

**- લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

## પાસ થયા અભિનંદન



**હિરાલી ભરત છેડા**
(કચ્છ, નલીયા - ગદગ)
SSLC
**94.4 %** (590 Marks)



**રિધ્ધી નિલેશ લોડાયા**
(પુના)
F.Y.B.Com **69.14%**
Diploma in German

**સુધારો :** ૨૯ મેના અંકમાં હર્ષિતા મનોજભાઈ ધ્રોડ (ઇન્દોર) જેમને H.S.C કોમર્સમાં **92%** મેળવેલ છે તેમનું નામ ભુલથી અર્પિતા છપાયું હતુ તે સુધારીને વાંચવું.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી**
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# સૉરી ! એ વેચાઉ નથી

– હરિશ્ચંદ્ર



'અમિત, ભણસાળીનો ફોન આવ્યો હતો. જન્માક્ષર મળે છે. છોકરીને જોવા ક્યારે આવો છો ?'

'છટ્ ! એટલે શું આપણે જઈશું બધાં છોકરીને જોવા ? એ બધું હવે જુનવાણી થઈ ગયું. હું તો મારી રીતે છોકરીને એકલો કોઈક હોટલમાં મળીશ. મને છોકરી પસંદ પડશે તો પછી તમે લોકો મળજો. છોકરીનો મોબાઈલ નંબર મેળવી લેજો. હું વાત કરી લઈશ.'

માબાપને આ પસંદ નહોતું. આ રીતે અમિતે પાંચ-સાત છોકરીને મળી લીધું. અને દરેક વખતે આવીને કહી દીધું કે 'સૉરી' કહી દેજો. એ એકલો જ છોકરીને જુએ, એ જ નિર્ણય કરે. બે-ત્રણ તો બહુ સારાં ઘર હતાં. પણ આપણાને ન કાંઈ પૂછે, ન વાતચીત કરે. માબાપને આ ગમતું નહોતું, પણ ગમે તેમ કરીને મન મનાવતાં. કેવડી મોટી મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરે છે ! મહિને નવ્વાણુ હજારનો પગાર. એના સ્ટેટ્સને લાયક જ છોકરી પસંદ કરશે ને !

મીનાક્ષીનો મોબાઈલ રણક્યો. ઑફિસમાં સાથે કામ કરતી રશ્મિએ જોયું કે મીનાક્ષીનો ચહેરો ગંભીર થતો જતો હતો. એ બહુ બોલતી નહોતી, સાંભળતી જ હતી. માત્ર 'હા'... 'ભલે' એટલું જ બોલતી. છેવટે 'ભલે હું આવી રહીશ', કહીને તેણે ફોન મૂક્યો.

'શું થયું ? કોનો ફોન હતો ? તું આટલી ગભરાઈ કેમ ગઈ છે ?'

'ના... ના... કંઈ નથી. લંચ વખતે આપણે વાત કરીશું.'

લંચ વખતે મીનાક્ષીએ બધી વાત કરી : 'મેં તને વાત કરેલી ને પેલા એક છોકરા વિશે, નવ્વાણું હજારના પગારવાળા. એનો ફોન હતો. કહેતો હતો કે બધાં મળીને છોકરીનાં ઘરે બટાટાપૌંઆ ખાતાં હોય, છોકરા-છોકરી ચોરટી નજરે એકમેકને જોઈ લેતાં હોય, એવું મને બિલકુલ પસંદ નથી. જેમને લગ્ન કરવા છે, એ જ બે એકલાં મળે. પેલી જુનવાણી રીત નહીં.'

'મીના, તે બરાબર જ છે. આમાં તું આટલી અપસેટ કેમ થઈ ગઈ ?'

'એનો વાત કરવાનો ટૉન મને ન ગમ્યો. કહે, આશિયાના હોટેલમાં મળીએ. મેં કહ્યું, મને બહુ દૂર પડશે. તો એકદમ કહેવા લાગ્યો, મને કોઈ રેંજીપેંજી હોટેલ નહીં ફાવે. અને જો, મારો નિર્ણય અંતિમ હોય છે. હું જે નક્કી કરું એ જ હોટેલ, એ જ દિવસ, એ જ સમય. સાંભળે છે ને ! શનિવારે રાતે આઠ વાગે, હોટેલ આશિયાના, ટેબલ નં. ૬... અને બસ, ફોન બંધ કરી દીધો. અત્યારથી આવો અધિકાર દાખવે છે, તે કેમ ફાવશે ? મને તો બહુ ગભરામણ થાય છે.'

'હં... તું ચિંતા ન કર. એનેય પાઠ ભણાવીશું.'

આશિયાના હોટલ. ટેબલ નં. ૬.

'તમે અમિત દેસાઈ ?'

'હા. મીનાક્ષી ?'

એ બેઠી. એનો ઠસ્સો, એનું રૂપ, એની ટાપટીપથી અમિત પ્રભાવિત થઈ ગયો. એને જોતો જ રહ્યો. 'તમે ખૂબ જ સુંદર દેખાવ છો

*જે રીતે ઉનાળે આંબો ને ચોમાસે જળ જાજરમાન બની જાય,*
*એ રીતે પંખીના ઊડવાથી ઘરડું આકાશ પણ જુવાન બની જાય.*

અને સ્માર્ટ સુદ્ધાં.' - તેના મોઢેથી એકદમ નીકળી ગયું. આમ તો મેનેજમેન્ટ વર્ગમાં શીખેલો કે પહેલી પાંચ મિનિટમાં એકદમ કોઈનાં વખાણ ન કરવાં. છતાં તેનાથી બોલાઈ ગયું.

'પણ આ માટે મારો કેટલો સમય ગયો! મમ્મી કહે કે આવડા મોટા પગારવાળાને મળવા જાય છે તો મણિબેન જેવી થઈને ન જતી. એટલે બ્યૂટીપાર્લરમાં જઈને આવું છું. કલાક ગયો અને સાતસો રૂપિયા આપ્યા!'

'સાતસો! એ તો ચટણી બરાબર!'

'પણ મારા માટે તો બહુ મોટી રકમ.'

અમિતનું અભિમાન ફરી જાગૃત થઈ ગયું હતું. તેણે પોતાનો રોફ જમાવવાનું શરૂ કરી દીધું....! 'મારે પત્ની જોઈએ મને ખુશ રાખે એવી, હું કહું તેમ કરે એવી, મારાં માબાપને સંભાળી લે એવી, મારા સ્ટેટ્સને શોભે એવી.... હમણાં મેં નવું ઘર લીધું છે. હજી ઈન્ટીરિયર સજાવ્યું નથી. મારી પત્ની આવીને સજાવશે. ગમે તેટલા પૈસા થાય, મને પરવા નથી. લોકો મારા પગારની ઈર્ષા કરે છે, તેમ ઘરની પણ ઈર્ષા કરે!... અને મારી પત્નીનીયે,.... સુંદર, સ્માર્ટ, જોતાં જ આંજી નાખે એવી.... તમારા જેવી....' કહીને એ પિપાસુ દૃષ્ટિએ એને જોતો રહ્યો. ગમે તેટલા અભિમાન છતાં એ હવે એના રૂપની ભૂરકીમાં આવી ગયો હતો.

એ લજ્જાથી નીચે જોઈ ગઈ. છૂટા પડતી વખતે એણે પૂછ્યું, 'મારાં પત્ની થવું તમને ગમશે ને?' એ કાંઈ બોલી નહીં. થોડીક વાર એકીટશે એની સામે જોઈ રહી, જાણે એક નજરમાં એને માપી ન રહી હોય!

અમિત ઘરે પહોંચ્યો ત્યારે એના પિતાએ કહ્યું : 'તને કેટલી વાર મોબાઈલ કર્યો. પણ બંધ હતો.'

'મેં બંધ કરી દીધેલો. આવે વખતે વચ્ચે ડિસ્ટરબન્સ થાય તે મને ન જોઈએ.' અમિત ખુશમિજાજમાં હતો.

'અરે, પણ કેટલો મહત્વનો સંદેશો આપવાનો હતો! ભણસાળીનો ફોન હતો કે મીનાક્ષીને ઠીક નથી એટલે આજે આવી શકશે નહીં.'

'શું? તો મને મળી તે કોણ?'... અમિત એકદમ ચકરાવામાં પડી ગયો. ત્યાં મોબાઈલ રણક્યો.

'અમિત! અવાજ ઓળખ્યો?'

'હા, પણ કોણ છો તમે?'

'હું રશ્મિ. મીનાક્ષી સાથે એની ઑફિસમાં જ કામ કરું છું.'

'શું? તો તમે શું કામ આવેલાં? મીનાક્ષી કેમ ન આવી?'

'કહું છું... કહું છું. જરા ધીરજથી સાંભળો. ફોન ઉપર તમારો રોફ સાંભળીને મીનાક્ષી બિચારી બહુ ગભરાઈ ગયેલી. એટલે મને થયું, એક વાર હું જ તમને મળી લઉં. પછી ઠીક લાગશે તો મીનાક્ષીને મળવા કહીશ.'

'આ તો ચીટીંગ છે'

'મહેરબાન! ચીટીંગ નથી, જોકિંગ. છોકરી જોવી એ પણ તમારે મન જોકિંગથી વિશેષ બીજું શું છે? અથવા એક શૉપિંગ! પણ પૈસાથી બજારમાં ચીજવસ્તુ ખરીદાય, જીવનસાથી નહીં. અને ચીજવસ્તુની પરખ પણ તમારે ક્યાં કરવી છે? તમે તો ઉપરના પેકિંગથી મોહાઈને તે ખરીદી લો છો. આપણે મળ્યા ત્યારે તમારો રોફ જમાવવા અને મારું બાહ્ય રૂપ પીધે રાખવા સિવાય તમે બીજું શું કર્યું? મિસ્ટર! અમારી મીનાક્ષી તો કોલેજક્વીન થયેલી, સતત બે વરસ. મારા કરતાં તો બે ગણી સુંદર છે... બ્યૂટીપાર્લરમાં ગયા વિનાયે. અને ત્રણ ગણી સ્માર્ટ છે. પણ સૉરી એ નવ્વાણુ હજારમાં વેચાઉ નથી. બા...ય....!'

***

*પાંદડાઓ માથા પર સૂરજને લૈ-લૈ સોનેરી પરભાતિયાંઓ ગાય,*
*પંખી જો ડાળી પર બોલે તો ઝાડવું તો ટહુકાનો ઢગલો થઈ જાય.*

# કામચલાઉ હાર અને કાયમી નિષ્ફળતા

- સૌરભ શાહ



નિષ્ફળતામાં અને કામચલાઉ હારમાં ઘણો મોટો ફરક છે. જિંદગીની કોઈ પણ નાનીમોટી તત્કાલીન હારનું આયુષ્ય લાંબું નથી હોતું. સિવાય કે એ હારને સ્વીકારીને ચિરકાલીન બનાવી દો. એવું કરો ત્યારે એ નિષ્ફળતામાં પલટાઈ જાય. પછી એનું કંઈ જ ન થઈ શકે. પણ કામચલાઉ હારને નિષ્ફળતામાં પલટાવી નાખતાં પહેલાં જરૂર થોડીક ધીરજની છે. નસીબની એકાદ થપ્પડ કે પ્રારબ્ધની એકાદ લાત જિંદગી માટે સોનેરી તક પુરવાર થઈ શકે. એકાદ અવરોધ આવતાં સાવ બેસી પડવાને બદલે થોડા થંભી જવાની તક ઝડપી લેવાની હોય. બે નવા શ્વાસ લઈને વધુ મજબૂત બનવાની એ તક છે. આવી તકો જ માણસમાં વધુ ક્ષમતા લાવે. જે પ્રયત્નો નિષ્ફળ જાય છે તે દરેક પ્રયત્ન દરમિયાન કશુંક એવું શીખવા મળે છે જે સફળતાની વધુ નિકટ લઈ જાય છે.

ગણિતના દરેક દાખલાઓનો જવાબ કે વિજ્ઞાનના કોઈ પણ સમીકરણનો ઉકેલ દર વખતે એક જ હોય એ શક્ય છે; વિવિધ પરિસ્થિતિમાં પણ ઉકેલ એ જ રહે, કાળ અને સંદર્ભો બદલાઈ જાય તો પણ. જીવનની સમસ્યાઓના નિશ્ચિત ઉકેલ નથી હોતા. કોઈ એક ચોક્કસ જવાબ વડે જ આ પ્રશ્ન હલ થઈ શકે એવું નથી. એક જ પ્રશ્નના દસ અલગ અલગ ઉકેલ હોઈ શકે છે અને આ દરેક ઉકેલ એટલો જ સાચો હોય એ પણ શક્ય છે. તમને કોઈ ફરક નથી પડતો કે તમારો પ્રશ્ન ત્રીજા ઉકેલથી સૂલઝે છે કે સાતમા. પ્રશ્ન ઉકેલાય છે એ જ મોટી વાત છે. સો વાતની એક વાત: સમસ્યા સર્જાય ત્યારે મનમાં ધારી લીધેલા કોઈ એક ઉકેલવાળી પરિસ્થિતિ સર્જાવાની રાહ જોઈને બેસી ન રહેવાય.

આપત્તિઓ આવતી રહે છે દરરોજ. માત્ર સ્વરૂપ બદલાયા કરતું હોય છે એનું. આવી આપત્તિઓને પહોંચી વળવા માટે મનમાં એક વ્યવસ્થાતંત્ર ઊભું થઈ જવું જોઈએ. દુશ્મનનો હુમલો થાય તે ઘડીએ લશ્કરમાં ભરતી કરવા માટે જવાનો જોઈએ છે એવી જાહેરખબર છાપામાં આપવાનો શો અર્થ ? સમસ્યાઓના પ્રકારો ભલે ખબર ન હોય પણ એ આવવાની છે એની તો તૈયારી રાખવી પડે. વળી એ એકલી નહીં આવે, સાથે પોતાની ઘણી બધી બહેનપણીઓને લઈને આવવાની છે એમ પણ માની લેવાનું. જે મુદ્દે પ્રશ્ન સર્જાવાનો છે એ પ્રશ્નની ચિંતા તમારા રોજિંદા જીવનમાં કેટકેટલે ઠેકાણે તમારું રૂટિન અપસેટ કરી

*પાન ઉપર ઝાકળ જો બેસે તો ઝાડવું ય આખ્ખું ધનવાન બની જાય,*
*પાનની દુવારિકામાં મૂકી એક કલરવ લઈ પંખી સુદામો થઈ આવે.*

નાખશે એની તમને ખબર હોવી જોઈએ. અને એવું ન થાય એ માટે, અણીને વખતે ભાંગી ન પડો એ માટે; કટોકટીના સમયે તમારી મદદે આવી પહોંચે એવા વિચારો પહેલેથી જ કરી રાખવા જોઈએ. બધું જ તમારી વિરુદ્ધમાં જતું હોય એવા વિપત્તિકાળમાં તમારી હિંમતની ખરી કસોટી થાય છે. આવા સમયમાં કોઈ તમારા આત્મગૌરવને, તમારા સ્વ-માનને કચડી નાખી શકે એવા બનાવોથી દૂર રહેવું, એવી વ્યક્તિઓનો સંપર્ક ઓછો કરી નાખવો; કારણ કે તળિયે પહોંચી ગયેલી માનસિક શક્તિવાળી પરિસ્થિતિમાં જો આત્મસન્માન પણ હણાઈ ગયું તો ફરી પાછા ઊભા થવું ખાસ્સું મુશ્કેલ બનવાનું. આવી ઘોર આપદાના વખતમાં પોતે જેના આધારે વ્યક્તિત્વનું ઘડતર કર્યું છે તે વિચારોને, તે આદર્શોને, તે નિયમોને, તે સિદ્ધાંતોને અને તે શ્રદ્ધાને વળગી રહેવું. આ જ બધું કામ આવશે અને એ હશે તો જ પોતાની પાસેની સૌથી મોંઘી જણસ, નામે આત્મગૌરવ જળવાઈ રહેશે.

માથા પર પડેલા પ્રહારને કારણે તમ્મર આવી જાય ને આંખ બંધ કરીને ઘૂંટણિયે બેસી જવું પડે ત્યારે ઘડીભર એવું લાગવાનું કે આ જિંદગીનો અંત નજીક છે, આખીય દુનિયા ઊંધી વળી ગઈ છે. જબરદસ્ત આઘાતથી હચમચી ગયા પછી થોડો સમય એવું જરૂર લાગવાનું કે એક પણ નવું ડગલું ભરવાની શક્તિ નથી બચી. પણ કળ વળે એ પછી સમજાય છે કે ગમે એવા કપરા સમયમાં પોતાની માલિકીની બે વાતને કોઈ છીનવી શકતું નથી: એક તો, માનસિક શક્તિ અને બીજી, એનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા. આ જુગલબંદીમાંથી મક્કમતા જન્મે છે, ફરીથી બેઠા થવાની શક્તિ બહાર આવે છે. બધું જ જતું રહ્યું હોય - પૈસા, સંબંધો, સગવડો, શાંતિ - બધું જ તો પણ ભગવાને થોડુંક તો તમારા માટે બાકી રાખ્યું હોય છે. પ્રામાણિક પ્રયાસો કરવાથી ફરી એક વાર જિંદગી ધાર્યા મુજબની ગોઠવી શકાય છે. જે નથી તેની પરવા કર્યા વગર નવી દુનિયા વસાવી શકાય છે. જે થઈ ગઈ છે એ ભૂલોનું પુનરાવર્તન ટાળીને નવા માર્ગ પર ગાબડાં વળોટીને આંચકાઓમાંથી બચી શકાય છે.

જિંદગીનાં વીતેલાં વર્ષોને અને એ વર્ષોમાં અનુભવેલી નિષ્ફળતાઓને યાદ કરીએ તો લાગશે કે કામચલાઉ હાર વખતે ઝૂકી ગયા અને હાથ જોડીને બેસી રહ્યા એટલે જ એ હાર નિષ્ફળતામાં પલટાઈ ગઈ. વર્ષો પછી હવે રહી રહીને સમજાય છે કે તે ખોટું થયું. પણ હવે એવું નથી થવા દેવું.

આપત્તિઓએ અને કાળની થપાટોએ વ્યક્તિત્વનું ઘડતર કર્યું છે. ટિપાઈ ટિપાઈને ખૂબ સુંદર આકાર તૈયાર થયો છે. વિપરીત સંજોગો હોય ત્યારે ભરોસો, શ્રદ્ધા, ધીરજ જેવા ગુણો નીખરે છે. બહાર નીકળવાના બધા જ દરવાજા બંધ થઈ ગયેલા જણાય ત્યારે જ શરીરની તમામ શક્તિઓ કામે લાગે છે અને કોઈક નવી દિશા ઊઘડે છે. આ દિશા અચૂક સફળતાની દિશા હોવાની.

* * *

*એ ટાણે ઝાડવું ય પંખીને સામે શ્રીકૃષ્ણનો ઉમળકો બતાવે,*
*આ જોઈ પટરાણીજી જેવી ડાળીઓય લાગણીપ્રધાન બની જાય.*
*- રમેશ પારેખ*

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી મહાકાળી માતાજીની ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૨૫/૦૬/૨૦૧૭ના રવિવારના રાતના ૯ ક્લાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ પરિવાર ભરૂડીયાવાળાએ લીધેલ છે. ભાવનામાં રીધ્ધી-સીધ્ધી મંડળ પધારશે.

### જખૌ સમાચાર

જેઠ સુદ ૧૧ને તા. ૫-૬-૨૦૧૭ના રોજ જખૌ મહાતીર્થે ધ્વજા મહોત્સવ ઉજવાયો. સ્થાનિક તેમજ મુંબઈથી પધારેલ જખૌ વાસીઓ, મુંબઈ મહાજન પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા તેમજ રાપરવાસીઓની બહોળી હાજરી હતા. ઘૃત બોલી ૧૫૦૪૯ મણ થઈ. ચાતુર્માસમાં મુનીશ્રી વીરશેખરસાગરજી મ.સા.ની નિશ્રા પ્રાપ્ત થયેલ છે.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદથી અને માર્ગદર્શનથી ટ્રસ્ટ પોતાના વિવિધ સામાજીક કાર્યો સરળતા પૂર્વક કરી રહ્યા છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર કાયમિતિથિના દાતાઓના નામ : ૧) માતુશ્રી રતનબાઈ હિરજી શિવજી લોડાયા (મુંબઈ), ૨) સૌ. હીના રતિલાલ દામજી (ઘરોલ-સિલવર જ્યુબીલી મેરેજ-એનેવરસરી નિમિત્તે - ડોંબિવલી), ૩) લાલજી ગોંવિદજી મોમાયા - ચાલીસગામ (સ્વર્ગવાસ તિથી નિમિત્તે), ૪) ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (હસ્તે વિજય મોમાયા-માટુંગા), ૫) પુષ્પાબેન ચંદુલાલ ડાઘા, હર્ષાબેન વિપુલ ડાઘા (પારોલા), ૬) તારાચંદ દામજી પોલડિયા (બુરાનપુર), ૭) રતનબાઈ જેઠાભાઈ લોડાયા (મલાડ), ૮) સોહમ રાજા ગાંધી (હસ્તે - માનબાઈ હિરાચંદ નાગડા - ઘાટકોપર), ૯) સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૧૦) લીલાવંતીબેન ગોવિંદજી નાગડા (હસ્તે - પુર્ણીમા સુરેશ નાગડા - નાંદેડ), ૧૧) માકબાઈ લખમશી ધુલ્લા (મુલુંડ), ૧૨) મુલજી શામજી મૈશેરી (કોઠારા)

### કચ્છમાં કુંડા વિતરણ



માનવજ્યોતના શ્રી પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ આવા પક્ષીઓને બચાવવા માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા કચ્છનાં દરેક ગામ અને દરેક શહેરોમાં પક્ષીઓને પાણી પીવા માટીના કુંડા લટકાવવામાં આવ્યા છે. ચાલુ વર્ષે સખત ગરમી અને તાપમાં સેકાઈ રહેલ જીવસૃષ્ટીને બચાવી લેવા માનવજ્યોત સાથે અનેક સંસ્થાઓ, ટ્રસ્ટો, મંડળો, પક્ષી બચાવ અભિયાનમાં જોડાયા છે.

### ભાંડૂપમાં આદેશ્વર જિનાલયની ધ્વજા

નેમ રાજુલની ચોરીવાળા આદીશ્વર જિનાલયની ૭૧ મી સાલગીરા અને ૭૨મી ધજા પ્રસંગે ત્ર્યાન્હિકા મહોત્સવ આ.ભ. કલાપ્રભસાગરસૂરી મ.સા. આદીઠાણા, પ.પૂ. મુનીરાજ શ્રી સર્વોદય સાગરજી મ.સા. આદીઠાણા ૩, પ.પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા., સા. શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા., સા. શ્રી. સુશીલ ગુણાશ્રીજી મ.સા., સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા., સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા., સા. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા. આદી અન્ય આઠ સાધુ ભગવંતોની તારક નીશ્રામાં ઉજવાયો.

સૌનું સામૈયું, જિનાલયે રોશની, પૂજા, આંગી, પ્રવચનો, પ્રભાવનાઓ, નવકારશી, સ્વામીભક્તિ, નાતજમણ, મહાકાલી માની ભાવના, સંધ્યા ભક્તિ, પ્રભુ ભાવના, જેવા અનેક ભવ્ય કાર્યક્રમે મહોત્સવ જાનદાર થયો.

આ.ભ. કલાપ્રભસાગરજી મ.સા. એ અચલ ગચ્છની ગૌરવભરી ઘટનાઓની સ્મૃતી કરાવતાં બીજે દિવસે ગચ્છના વર્તમાન સા.ભ.ના મહતરા સાધ્વીશ્રી શીવશ્રીજી મ.સા.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

લીડરશીપ સમીટ માટે પધારી રહેલા સર્વ જ્ઞાતિ આગેવાનો અને ઓબ્ઝર્વરોને હાર્દિક આવકાર... આપણા સૌના સહિયારા પ્રયત્નોથી સમીટ સફળ જાય એજ અભ્યર્થના...
- ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN, JHARKHAND

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૧૭ના બપોરના ૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૪-૦૬-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૫-૦૬-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## કુંવરબાઈ મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ

જ્ઞાતિની બહેનોને આપણી જ્ઞાતિની કુંવરબાઈ મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ કામની વિશાળ તક આપે છે. નોકરી ઉપરાંત વિવિધ લાભો આપતા મહિલા ગૃહઉદ્યોગમાં કામ કરવા ઈચ્છુક બહેનો અરજી ક્રીને કામ પર જોડાઈ શકે છે. અરજી મસ્જીદ/ભાંડુપના સેન્ટર પર કવરમાં મોક્લાવી શકાય છે.

કચ્છ-સુથરીના (સોનબાઈ)ની જેઠ સુદ દશમની દીક્ષા દિવસની ઉજવણી કરવા દર વરસે સમુહ સામાયિક જેવા કાર્યક્રમ કરવા અનુરોધ કરતાં ૩૧૦ જણે સામાયિક કર્યા. મુનીશ્રીએ માય હૅપી હોમ ઉપર પ્રવચન આપ્યું.

આ.ભ. કલાપ્રભસાગરસૂરિશ્વરશ્રીજી મ.સા.ના વ્યાખ્યાને થી પુષ્ટિ પ.પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા., યતિશ્રી મોતીસાગરજી મ.સા.અને ભરત શાહના સંગીતે પંચમ સ્વરના શુદ્ધાચારે અઢાર અભિષેક દશ દિગપાલ નવગ્રહ વગેરે ક્રિયાઓ કરાવી.

ધ્વજા ફરકાવવાનો લાભ માતુશ્રી રતનબેન હિરાલાલ લોડાયા સાંધવવાળાએ ૨૬૧૨૬ મણના આદેશે લીધો અને પરિવારે ધ્વજા ફરકાવી.

દાદાનો અભિષેક ૫૫૫૫ મણમાં શ્રીમતી વિજયાબેન કુંવરજી લોડાયા, પદ્મપ્રભુના અભિષેક ૪૦૦૧ મણમાં શ્રીમતી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા તથા ચંદ્રપ્રભુસ્વામીના ૫૦૦૧ મણમાં, શ્રીમતી પ્રેમાબાઈ લાલજી લોડાયા, કોઠારા અને ક્ષેત્રપાળ દાદાના અભિષેક ૨૦૦૧ મણ કાંતિલાલ ભવાનજી લોડાયા તથા ધ્વજા ૪૪૪૪ મણમાં શ્રી મણીલાલ ચત્રભોજ નાગડા, કોઠારા લાભ લીધો

દાદાની પ્રથમ પૂજાનો લાભ માતુશ્રી તરલાબેન લહેરચંદ મૈશેરીએ લીધો. એમ અનેક ચડાવાનો લાભ શ્રધ્ધા ભક્તોએ લેતાં કુલ્લ મણ ૧,૧૩૩૭૫ રેકોર્ડ ઘૃત થયું. શ્રી સંઘની વિનંતીએ ૪૦ થી વધુ શ્રમણ શ્રમણીઓ આગળ - પાછળ હાજર રહ્યા. પ્રસંગે સંખ્યાબંધ મહેમાનો પધાર્યા હતા.

જિનાલયને પાછળની બીલ્ડીંગવાળા શ્રી પ્રેમજીભાઈ પટેલ, દિપકભાઈ શેઠ અને રમેશભાઈ પ્રજાપતીએ સ્વખર્ચે કલર કરાવી આપ્યું તેમજ દર વરસ મુજબ ડુમરાના શ્રી પદમશી હીરજી ગડાએ પાંચ મહિના માટે મજબુત પ્લાસ્ટીક કવરનો મંડપ સ્વખર્ચે બાંધી આપ્યું છે. અનુમોદના !


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટેસ્ટેડ જરીની સાડીઓ - ચણીયા ચોલી
- ધરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ




## હાર્દિક શ્રધ્ધાંજલિ

**અ.સૌ. પલ્લવી**

(હાલ અમદાવાદ)



જન્મ : તા.૨૭/૧૦/૧૯૭૦

દેહ વિલય: તા.૧૬/૦૬/૨૦૧૬

તારો બની ગગનમાં તું ચમકે છે દરરોજ,
આંસુ બની હૃદયમાં તું મળે છે દરરોજ,
સ્નેહ બની હૃદયમાં તું વસે છે દરરોજ,
સુર બની કાનોમાં તું સંભળાય છે દરરોજ,
દરેક પળ તારા વિરહમાં યુગ બની વિતે છે દરરોજ,

**જિનશાસન દેવ તારા પવિત્ર આત્માને**
**પરમપદની પ્રાપ્તી આપે એ જ પ્રાર્થના.**

**અશ્રુભિની શ્રધ્ધાંજલિ**

| | |
|---|---|
| માતા-પિતા | : **ગં.સ્વ. કસ્તુરીબેન સોમચંદ છેડા** (જસાપર) |
| ભાઈ-ભાભી | : **અ.સૌ. વર્ષા લલીતકુમાર છેડા** |
| બહેન-બનેવી | : **અ.સૌ. સુશીલા નિરંજન મૈશેરી** (લાલા) |
| | **અ.સૌ. હંસા દિલીપ મોમાયા** (વરાડીયા) |
| ભત્રીજો-ભત્રીજા વહુ | : **કરૂણા ઋષભ છેડા** |
| ભાણેજ-ભાણેજ જમાઈ | : **કોમલ-ડેનીશ, શીતલ-તેજસ, પાયલ-વિમલ, જલ્પા** |
| ભાણેજ પુત્ર-ભત્રીજા પુત્રી | : **પલાશ, વંશ, આધ્યા** |

**છેડા પરિવારના વંદન**

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જયંતીલાલ જીવરાજ દંડ**<br>(PS 4370) | ૪૪-બી, અચલગચ્છ સોસાયટી, ૧લે માળે, મહાવીર નગર, (RS 2P),<br>અંતરજાલ, આદીપુર - ૩૭૦ ૨૦૫. મો.: ૯૯૧૩૪ ૪૩૫૦૯ |
| **પ્રફુલ લક્ષ્મીચંદ સોની**<br>(PS 956) | ૬૦૧, યશોધન બિલ્ડીંગ, ૬ઠે માળે, પ્લોટ નં. ૧૮૭-બી, ૬૦ ફીટ રોડ,<br>આશા પોલીક્લિનીક હોસ્પીટલની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.<br>મો.: ૯૮૩૩૧ ૩૦૧૨૫ |
| **શૈલેષ રતનશી શાહ (મૈશેરી)**<br>(PS 841) | ૧૧૦૫ અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૨૦૦ ૬૯૭૨૪ / ૯૮૩૩૧ ૬૯૭૨૪ |
| **નવીન શામજી સાયલા**<br>(PS 870) | ૨૦૩ અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **મનીષ સોમચંદ શાહ (ધરમશી)**<br>(PS 850) | ૮૦૨ અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **મુલચંદ ઝવેરચંદ નાગડા**<br>(PS 830) | ૧૭૦૩ અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **કુલીનકાંત લક્ષ્મીચંદ નાગડા**<br>(PS 7313) | બી-૧૦૪૨, રાજયોગ રેસીડેન્સી, હીરજી નેણશી કમ્પાઉન્ડ, એસ. વી. રોડ,<br>સિટી સેંટર પાછળ, ગોરેગામ (વે.), મુંબઈ-૪૦૦ ૧૦૪. મો.: ૦૯૭૭૩૭ ૭૨૭૮૦ |
| **આદિત્ય વીરચંદ ધરમશી**<br>(PS 2705) | ૨૦૩, મિશ્રી હિલ, પ્લોટ નં. ૨૩૯, સેક્ટર નં. ૧૭,<br>ઉલ્વે, નવી મુંબઈ - ૪૧૦ ૨૦૬. |
| **વિનય હંસરાજ ધરમશી**<br>(PS 3550) | રૂમ નં. ૨૦૧, શંખેશ્વર નગર, બિલ્ડીંગ નં. એ-૧૧, માનપાડા રોડ,<br>શની મંદિરની સામે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો.: ૯૮૧૯૪ ૦૧૨૬૯ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૫-૧૭ | ડોમ્બીવલી | આર્વ, નેહા જીગર ભરત મૈશેરી | લાલા | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૬-૧૭ | બેંગલોર | સિદ્ધાર્થ પ્રફુલ જયંતીલાલ ખોના | મોટી ખાવડી | ૨૭ |
| | છિન્દવાડા | પૂનમ શેષરાવ રામક્રિષ્ણા ઘોરાડે | છિન્દવાડા | ૨૫ |

### સગપણ છૂટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૬-૧૭ | કોઈમ્બતુર | સમીર રાજેશ છગનલાલ ધરમશી | સુથરી | ૨૮ |
| | નાગપુર | જાહ્નવી મુકેશ રતીલાલ મૈશેરી | જખૌ | ૨૮ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૫-૧૭ | મુલુંડ | કુણાલ રાજેશ જેઠાભાઈ દંડ | લાલા | - |
| | જલગામ | અંજલી શામજી મૈશેરી | વારાપધર | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૬-૧૭ | ભાંડુપ | વિમળાબાઈ (ધનબાઈ) માણેકજી ખોના | નલીયા | ૭૬ |
| ૦૫-૦૬-૧૭ | બુરહાનપુર | તારાચંદ દામજી પોલડીયા | ડુમરા | ૭૧ |
| ૦૫-૦૬-૧૭ | કરાડ | કુલીનકાંત વિશનજી નાગડા | લાલા | ૭૨ |
| ૦૫-૦૬-૧૭ | મુલુંડ | સોનબાઈ ગોવિંદજી માંયાભાઈ ખોના | સુથરી | ૮૪ |
| ૦૬-૦૬-૧૭ | પૂના | કેશવજી વીરચંદ નાગડા | જખૌ | ૭૮ |
| ૦૬-૦૬-૧૭ | પૂના-નિગડી | વીરચંદ કાનજી નાગડા | જખૌ-ગવાગ | ૭૭ |
| ૦૭-૦૬-૧૭ | ડોમ્બીવલી | હેમલ નરશી જેતશી દંડ | સેવક ભરૂડીયા | ૩૮ |
| ૦૮-૦૬-૧૭ | વડાલા | હરીશ રતીલાલ નાગડા | નલીયા | ૭૮ |
| ૦૯-૦૬-૧૭ | મુલુંડ | પદમશી કેશવજી (પટેલ) સોની | વાકું | ૭૯ |

|| શ્રી નાકોડા ભૈરવનાથાય નમઃ || || શ્રી અરિહંતાય નમઃ || || શ્રી મોમાઇ માતાય નમઃ ||

# અંતરથી વધામણા

## "લાપસીયા અને લોડાયા પરિવારનું ગૌરવ"



માતા સરસ્વતીની અસીમ કૃપા
તારા જીવનમાં વરસતી રહે,
પરિવારના નૂર અને ઓજસને
ઉજાગર કરી જીવન અસ્તિત્વને સાર્થક કરે
અને કારકીર્દી ક્ષેત્રે ઉન્નતીના
ઉચ્ચ શિખરોને સર કરે એ જ

**હાર્દિક શુભેચ્છા !!!**

## અમારા લાડલા ધવલ લાપસીયા

એ Std. 10TH CBSE Board 2017 માં A-1 ગ્રેડ (CGPA - 9.6/10) મેળવેલ છે
તેને હાર્દિક શુભેચ્છાઓ અને ઉજ્જવલ ભવિષ્યની શુભકામનાઓ !

લિ.

મમ્મી - પપ્પા : પ્રજ્ઞા અને દિલીપ લાપસીયા
બહેન : માનસી દિલીપ લાપસીયા
દાદી - દાદા : માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર (દલતુંગી)
નાની - નાના : માતુશ્રી જયાબેન નરશી કરમશી લોડાયા પરિવાર (મોટી ખાવડી)

*With Best Compliments From*

**ARIHANT TRANSPORT COMPANY**

FLEET OWNERS AND TRANSPORT CONTRACTORS

Daily Regular Full Load & Parcel Service from Mumbai to all Rajasthan

**MUM. OFF.:** B-404, Konark Darshan, Zaver Road, Near Jain Derasar, Mulund (W), Mumbai - 400 080.
Tel.: 8767423132, 8767323132, 9769336142 • Email : arihanttrco.mum@gmail.com

**Resi.:** 1602, Neelkanth Hight, Neelkanth Nagar, B.P.S. Cross Road, Mulund (W), Mumbai - 400 080.

SERVICE RALATIONSHIP COMMITMENT

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (12-06-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રધ્ધા સુમન : પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૨/૦૭/૧૯૫૦

અરિહંત શરણ :
તા. ૨૦/૦૬/૨૦૧૬

## સ્વ. શ્રી રતિલાલ કાનજી પુનશી ધુલ્લા

ગામ - સુથરી - વડોદરા

જેમ મંદિરની શોભા ભગવાન, રાત્રિની શોભા ચંદ્ર, દિવસની શોભા સુર્ય, છોડની શોભા ફુલ, તેમ ઘર-પરિવારની શોભા માત્ર ને માત્ર મા-બાપ હોય છે.

સૌને સદા પ્રોત્સાહિત કરી આગળ વધારનારા, અમારા પર સદા પ્રેમની વર્ષા વરસાવનારા, જીવનના પંથે અમને માર્ગદર્શન આપનારા, સૌ પ્રત્યે સદ્ભાવ રાખનારા, અમારા હૈયે પોતાની આગવી છાપ છાપનારા, સ્નેહના દરિયો, પ્રેમના સાગર અમને અધ વચ્ચે છોડી ન પુરનારી ખોટ છોડી જનાર, અમારા પ્રેરણાદાયી, આદરણીય વડીલ 'પિતાશ્રી' (દાદાજી- નાનાજી) ને કોટી-કોટી વંદના અને શ્રધ્ધાંજલિ ના સુમન અર્પણ.

સરળ વિરહમાં ઝુરતા, એકલતાનો વસવસો સહેતા સરલા કહે છે...
દ્રષ્ટિ નાખુ છું દુર-દુર સુધી તમે ક્યાંય નથી જીવનમાં.... શોધું - શોધું ને સરી જાય પડછાયો ઉપવનની છાયામાં.

**''સ્વીકારો અમારી સ્મૃતિ વંદના''**

ધર્મપત્ની : **શ્રીમતી સરલાબેન રતિલાલ ધુલ્લા**

પુત્ર-પુત્રવધુ : **સૌ. પુજા રોહીત ધુલ્લા** (વડોદરા) દીકરી-જમાઈ : **સૌ. શિલ્પા કલ્પેશ છેડા** (જલગામ)
પૌત્રી : **રિધ્ધી, પરિધ્ધી** દીકરી-જમાઈ : **સૌ. વિનલ કુણાલ લાલકા** (પુના)
દોહીત્રી : **રાશી** દોહીત્રો : **દેવ**

**સ્વ. માતુશ્રી રતનબાઈ કાનજી પુનશી ધુલ્લા પરિવાર** (મોટી ખાવડી)
**સ્વ. માતુશ્રી રતનબાઈ મુલજી મણશી ધરમશી પરિવાર** (નાની ખાવડી)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,